
# CORONAVIRUS
## COVID-19

## SPECIAL ISSUE $360^0$ વિશ્લેષણ





સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

# INDEX


- ☛ કોરોના વાયરસનો ઉદ્ભવ........................................01
- ☛ કોરોના વાયરસનું નામકરણ........................................ 03
- ☛ COVID-19 (કોરોના વાયરસ)ના લક્ષણો.................................. 04
- ☛ કોરોના વાયરસના સ્ટેજ........................................ 04
- ☛ કોરોના વાયરસ કુટુંબ સાથે જોડાયેલ અન્ય રોગ .......................... 05
- ☛ વાયરસ વિશે વૈજ્ઞાનિક માહિતી .................................... 06
- ☛ વાયરસનું વર્ગીકરણ ............................................ 10
- ☛ બેક્ટેરિયા વિશે વૈજ્ઞાનિક માહિતી ................................. 12
- ☛ વૈશ્વિક મહામારી........................................ 13
- ☛ મહામારી અધિનિયમ, 1897........................................14
- ☛ કોરોના વાયરસનો જીનોમ ક્રમ........................................15
- ☛ COVID-19 અંગે ભારત સરકારના પગલાઓ..............................16

જનતા કરફ્યુ / લોકડાઉન / MyGov Corona Helpdesk

પ્રોજેક્ટ CoNTec / PM-CARES FUND

PM કેર ફંડ હેઠળ વિદેશી સહયોગની મંજૂરી / આરોગ્ય સેતુ એપ્લીકેશન

કરવેરા અને અન્ય કાયદા વટહુકમ - 2020

એન્ટીબોડી કિટ

આરોગ્ય કર્મીઓ માટે વીમા યોજના

ઓપરેશન નમસ્તે

સ્ટ્રેન્ડેડ ઈન ઈન્ડિયા પોર્ટલ

સ્થળાંતર શ્રમિક શિબિર

સીમ સીલિંગ ગ્લુ ધરાવતા બાયો સૂટ

COVID-19 ફેક્ટ-ચેક યુનિટ

પ્રોજેક્ટ પ્રાણ

સંસદ સદસ્ય સ્થાનીય ક્ષેત્ર વિકાસ યોજના મોકૂફ

અનુચ્છેદ 142 અને સુપ્રીમ કોર્ટ

હાઈડ્રોક્સીક્લોરોક્વિન અને નિકાસ

COVID-19ના નિવારણ અર્થે IITનું યોગદાન
ખાનગી લેબોરેટરીમાં COVID-19 ટેસ્ટ મફત કરવામાં આવશે
'iGOT' ઓનલાઈન ટ્રેનિંગ પોર્ટલ
સમાધાન ચેલેન્જ
ધમણ-1

☛ આંતરરાષ્ટ્રીય........................................................35
SAARC COVID-19 ઈમરજન્સી ફંડ
G-20 બેઠક
ઓપરેશન સંજીવની
બ્રિટનના વડાપ્રધાન
Solidarity Trial
યુરો કોરોના બોન્ડ
COVID-19 એન્ડ વર્લ્ડ ઓફ વર્ક
G20 નાણાકીય મંત્રીઓની મિટીંગ

☛ COVID-19ની પર્યાવરણ પર અસર........................................40
વાયુ ગુણવત્તામાં સુધારો
કાવેરી નદી પ્રદૂષણ
ચોમાસા પૂર્વેના પાક પર અસર

☛ ભારતની અર્થવ્યવસ્થા પર COVID-19નો પ્રભાવ.........................42
પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના
Employees Provident Fund (EPF)
SBIની CECL યોજના
COVID-19 મહામારીમાં RBIની ભૂમિકા
RBI બેન્ક વ્યાજદરમાં ફેરફાર
નાની બચત યોજનાઓ પરના વ્યાજના દરોમાં ઘટાડો
સેફ યોજના (SAFE SCHEME)

☛ COVID-19ની રમત-ગમત પર અસર......................................46
ટોક્યો ઓલિમ્પિક - 2020
COVID-19ને કારણે વિમ્બલડન મુલતવી રાખવામાં આવ્યું

# આ સમય પણ વીતી જશે !!!



મૌલિક સર
(Director - ICE)

COVID-19 અથવા તો કોરોના મહામારીના વર્તમાન સમયમાં 'કોરોના'એ વર્તમાન સમયનો Hot ટોપિક છે, મુખ્ય ટોપિક છે, એકમાત્ર ટોપિક છે. આથી, ગુજરાત સરકારની આગામી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ ટોપિકમાંથી પ્રશ્નો પૂછાવાની સંભાવના વધી જાય છે. પરિણામે આગામી કોઈપણ પરીક્ષામાં સફળતા માટે આ ટોપિકની શ્રેષ્ઠ તૈયારી માત્ર આવશ્યક જ નથી, પરંતુ અનિવાર્ય પણ છે. આ ટોપિકની શ્રેષ્ઠ તૈયારી કરવામાં મુખ્ય સમસ્યા એ છે કે, કોરોના વાયરસ વિશે આજે રોજે રોજ ઢગલો માહિતી ખડકાય છે. આથી, આ બધી અઢળક માહિતીમાંથી સ્પર્ધાત્મક પરીક્ષાની દષ્ટિએ ઉપયોગી માહિતી કેટલી એ સુનિશ્ચિત કરવું વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મુશ્કેલ થઈ જાય છે. આ ઉપરાંત આ ટોપિકની તૈયારીમાં બીજી સમસ્યા એ છે કે, આ ટોપિક વિશે સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી માહિતી કદાચ મળે તો પણ તે છૂટક છૂટક, છૂટી છવાઈ હોય છે....કોઈ એક જ જગ્યાએ આ ટોપિક વિશેની મહત્ત્વની તમામ માહિતી ઉપલબ્ધ થતી નથી. આથી, વિદ્યાર્થીઓની આ સમસ્યાના ઉકેલ માટે ICE દ્વારા COVID-19 વિશે આ સ્પેશિયલ અંક પબ્લિશ કરવામાં આવ્યો છે. જેમાં કોરોના વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની તમામ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં આપને અત્યંત ઉપયોગી નીવડશે એવી આશા રાખું છું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ ઉપરાંત COVID-19 અથવા તો કોરોના મહામારીના આ વૈશ્વિક સંકટના વર્તમાન સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાના રણમેદાનમાં પોતાની ઈચ્છા, અપેક્ષા, આકાંક્ષા, લાગણીઓ અને ભાવનાઓ સાથે સતત ઝઝૂમતા વિદ્યાર્થી મિત્રોને બે વાત અવશ્ય કહીશ :

(1) સાવચેત રહો, સુરક્ષિત રહો અને કોરોના સામેના જંગમાં સરકારને સહયોગ આપો

(2) ધીરજ રાખો અને લક્ષ્ય તરફ સતત આગળ વધતા રહો

દેશનું યુવાધન એ કોઈપણ દેશની સૌથી મોટી મૂડી છે. આજનો યુવાન જ આવતીકાલે દેશનો સુકાની હોય છે. દેશનું ભાવિ ઘડતર આજના યુવાનો દ્વારા જ થાય

છે. આથી, કોરોના મહામારીના વર્તમાન વૈશ્વિક સંકટમાં દેશના દરેક યુવાનની પહેલી ફરજ એ બને છે કે પોતે સુરક્ષિત રહે અને પોતાના પરિવારને સુરક્ષિત રાખે....આથી, આ સમયે તમામ વિદ્યાર્થી મિત્રોને મારી એક જ નમ્ર અરજ છે કે સાવચેત રહો, સુરક્ષિત રહો અને કોરોના સામેના જંગમાં સરકારશ્રીને સહયોગ આપો.

મિત્રો આ સમય નિરાશ, હતાશ કે નાસીપાસ થવાનો નથી, પરંતુ ધીરજ અને સાવચેતીનો છે. આથી, સાવચેત રહો અને ધીરજ રાખો. આ ધરતી પર અનેક સંકટો આવીને જતા રહ્યા છે. અને એને ગયે પણ વર્ષો થઈ ગયા છે. એ જ રીતે આ સંકટ પણ જતું રહેશે એ નક્કી છે. આથી, આ સમયે દરેક વિદ્યાર્થી મિત્રોનું એક જ કર્તવ્ય છે કે ધીરજ રાખો, સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરો અને લક્ષ્ય તરફ સતત આગળ વધતા રહો. એવું કહેવાય છે કે એક વખત ભગવાન શ્રી કૃષ્ણને જ્યારે અર્જુને પૂછયું કે 'હે પ્રભુ !, હે સખા ! મને કોઈ એવું સૂત્ર આપો કે જે મને સુખ અને દુઃખ, હર્ષ અને શોક, આનંદ અને સંકટ એમ બંનેમાં સમાન રીતે કામ લાગે. હે કૃષ્ણ ! મને કોઈ એવું સૂત્ર આપો કે જેનાથી હું સુખમાં છકી ન જાઉં અને દુઃખમાં ડરી ન જાઉં, નિરાશ, હતાશ કે નાસીપાસ ન થઈ જાઉં'....એ સમયે ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને માત્ર પાંચ જ શબ્દોનું એક અદભુત વાક્ય કહ્યું હતું – **'આ સમય પણ વીતી જશે'**

આમ, આ શાશ્વત વાક્ય અનુસાર સંકટનો આ સમય પણ જતો રહેવાનો છે એ નિશ્ચિત છે. આથી, મિત્રો સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરો અને લક્ષ્ય તરફ સતત આગળ વધતા રહો. એક સમય એવો પણ અવશ્ય આવશે કે જ્યારે તમારી પરીક્ષા હશે. એક સમય એવો પણ અવશ્ય આવશે કે જ્યારે તમારા હાથમાં તમારી પરીક્ષાનું કવેશ્ચનપેપર અને આન્સર સીટ હશે...અને એક સમય એવો પણ અવશ્ય અવશ્ય અવશ્ય આવશે કે જ્યારે તમારી સામે તમારી પરીક્ષાનું ફાઈનલ મેરીટ હશે....હા ફાઈનલ મેરીટ હશે. આથી, આ મેરીટના સફળ ઉમેદવારોમાં તમારું નામ સુનિશ્ચિત કરવા માટે મારી આપ સૌને નમ્ર પ્રાર્થના છે કે સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરો અને લક્ષ્ય તરફ સતત આગળ વધતા રહો. મિત્રો યાદ રાખો – **'આ સમય પણ વીતી જશે !!!'**

– મૌલિક ગોંધિયા

# COVID - 19

- વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયસ (COVID-19)ના કારણે ચીન, સ્પેન, અમેરિકા, ઈટલી, ફ્રાન્સ વગેરે જેવા અન્ય દેશોમાં હજારોની સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા છે તથા હજારોની સંખ્યામાં કોરોના વાયરસથી ચેપગ્રસ્ત બન્યા છે.

## ☛ કોરોના વાયરસનો ઉદ્ભવ



- નવેમ્બર-ડિસેમ્બર, 2019ના સમયગાળા દરમિયાન ચીનના હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાં ન્યુમોનિયાના કેટલાક કેસ જોવા મળ્યા હતા. જે તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે આ વાયરસ અન્ય કોઈ વાયરસ સાથે સંબંધિત નથી.
- આથી ચીનની સરકાર દ્વારા 31 ડિસેમ્બર, 2019ના રોજ World Health Organization (WHO)ને આ વાયરસ વિશે જાણ કરી હતી.
- ત્યારબાદ લગભગ એક અઠવાડિયા સુધી એટલે કે 7 જાન્યુઆરી, 2020ના રોજ ચીની અધિકારીઓએ એવી જાણ કરી હતી કે અમે એક નવા વાયરસની ઓળખ કરી છે.
- આ વાયરસને અસ્થાયીરૂપે Novel Corona Virus - 2019 નામ આપવામાં આવ્યું હતું.
- આ વાયરસ SARS (Servere Acute Respiratory Syndrome) અને MERS (Middle East Respiratory Syndrome) વાયરસ જેવો જ દેખાય છે.
- કોરોના વાયરસ સામાન્ય રીતે ચાર પ્રકારના હોય છે. જેમાં 229E આલ્ફા, NL63 આલ્ફા, OC43 બીટા અને HKU1 બીટાનો સમાવેશ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## કોરોના વાયરસના પ્રકારો

| ક્રમ | નામ | અન્ય નામ |
|---|---|---|
| 1 | 229E | આલ્ફા કોરોના વાયરસ |
| 2 | NL63 | આલ્ફા કોરોના વાયરસ |
| 3 | OC43 | બીટા કોરોના વાયરસ |
| 4 | HKU1 | બીટા કોરોના વાયરસ |
| 5 | MERS-CoV<br>(Middle East Respiratory Syndrome) | બીટા કોરોના વાયરસ |
| 6 | SARS-CoV<br>(Severe Acute Respiratory Syndrome) | બીટા કોરોના વાયરસ |
| 7 | SARS-CoV-2<br>(COVID - 19 : Corona Virus Disease) | નોવેલ કોરોના વાયરસ |

- વર્ષ 2019ના અંત સુધી કોરોના વાયરસના માત્ર 6 જ પ્રકારો અસ્તિત્વમાં હતા. પરંતુ વર્તમાન મહામારી કરનાર વાયરસ એ નવો કોરોના વાયરસ છે તથા તે કોરોના વાયરસનો સાતમો પ્રકાર છે.
- ક્રમ 1થી 4 એ મનુષ્યમાં સામાન્ય રીતે જોવા મળે છે.
- કોઈ વખત કોરોના વાયરસ પશુઓને અસર કરે છે અને તેમાંથી તે વિકાસ પામી મનુષ્યમાં પ્રસરે છે. ક્રમ નં. 5, 6 અને 7 એ આ પ્રકારના ઉદાહરણ છે.

## ☛ કોરોના વાયરસનું નામકરણ



- ➤ કોરોના વાયરસને જ્યારે માઈક્રોસ્કોપ હેઠળ જોવામાં આવે ત્યારે તે સૌર–કોરોના જેવો દેખાય છે. આથી તેનું નામ કોરોના વાયરસ (અસ્થાયીરૂપે) રાખવામાં આવ્યું હતું.
- ➤ 11 ફેબ્રુઆરી, 2020ના રોજ WHO દ્વારા કોરોના વાયરસનું નવું નામ 'COVID-19' રાખવામાં આવ્યું હતું.
- ➤ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના જણાવ્યા અનુસાર COVID-19માં...
  - – 'CO' એ કોરોનાનો સંદર્ભ આપે છે.
  - – 'VI' એ વાયરસનું સૂચન કરે છે.
  - – 'D' એ રોગનું સૂચન કરે છે.
  - – તથા સંખ્યા '19'એ આ રોગના શોધનું વર્ષ સૂચિત કરે છે.
- ➤ WHO દ્વારા નવા રોગનું નામકરણ કરવામાં આવે છે. જેથી સમાન નામોના રોગનો દુરુપયોગ થતો અટકાવી શકાય.
- ➤ નવા રોગના નામ પર શબ્દનું મિશ્રણ હોવું જોઈએ. આ શબ્દમાં નૈદાનિક લક્ષણો (શ્વસન), શારીરિક પ્રક્રિયાઓ અને રોગ વિષયક સંદર્ભના આધારે સામાન્ય વર્ણાત્મક શબ્દો સામેલ કરવામાં આવે છે.
- ➤ જે વિશિષ્ટ વર્ણનાત્મક શબ્દ જેવા કે પીડિત (શિશુ, કિશોર અથવા માતા), હવામાન (ઉનાળો અથવા શિયાળો) અને ગંભીરતાનો ઉલ્લેખ કરે છે.
- ➤ નામમાં અન્ય તથ્યાત્મક તત્ત્વો પણ સામેલ થઈ શકે છે. જેવા કે પર્યાવરણ (મહાસાગર અથવા નદી), રોગના કારણો (બેક્ટેરિયા અથવા વાયરસ), વર્ષ (નવા રોગનું શોધનું વર્ષ)નો સમાવેશ થાય છે.

**નોંધ:** (1) વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ બધા દેશોની આરોગ્ય સંબંધી સમસ્યાઓ પર પરસ્પર સહયોગ અને ધોરણો વિકસાવવા માટે એક મહત્ત્વપૂર્ણ સંસ્થા છે.

(2) આ સંસ્થાની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ કરવામાં આવી હતી.

(3) WHOનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા શહેરમાં આવેલું છે.

(4) વિશ્વ આરોગ્ય સંગઠનમાં 194 સભ્ય દેશો છે. જેના વર્તમાન અધ્યક્ષ ડો. ટેડ્રોસ એડનોમ છે. (Tedros Adhanom Ghebreyesus)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ☛ COVID-19 (કોરોના વાયરસ)ના લક્ષણો



➤ આ વાયરસથી ચેપગ્રસ્ત વ્યક્તિમાં ભારે તાવ, શરદી, શુકોકફ, ગળુ સુકાવુ,શ્વાસ લેવામાં તકલીફ વગેરે જેવા લક્ષણો જોવા મળે છે.

➤ ચીનમાં આ રોગથી મૃત્યુ પામેલા દર્દીઓમાં મોટાભાગે 60 વર્ષથી વધુ ઉંમરના લોકો અને તેઓ ડાયાબિટીસ, બી.પી., અસ્થમા, ન્યુમોનિયા વગેરે જેવા રોગોથી પીડિત હોવાનું કહેવાય છે.



➤ તાજેતરમાં કોરોના વાયરસના કેટલાક દર્દીઓમાં ધ્રાણ ઈન્દ્રિયો નષ્ટ થવાના કેસો સામે આવ્યા છે.



➤ આ રોગનો ચેપ સી–ફૂડ ખાવાના કારણે થતો હોવાનું પણ માનવામાં આવે છે. આ વાયરસની હજુ સુધી કોઈ ચોક્કસ એન્ટીવાયરલ દવા કે વેક્સીન ઉપલબ્ધ થઈ શકી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ☛ કોરોના વાયરસના સ્ટેજ

➤ કોરોના વાયરસ ફેલાવાના મુખ્ય 4 સ્ટેજ છે.

| સ્ટેજનો ક્રમ | સ્ટેજનું નામ | માહિતી |
|---|---|---|
| 1 | ટ્રાવેલ ઈતિહાસ | સૌપ્રથમ જે લોકોને રોગ સંક્રમિત થયેલો હોય તે વિદેશી મુસાફરીને કારણે થાય છે. |
| 2 | લોકલ ટ્રાન્સમિશન | વિદેશથી આવેલ વ્યક્તિ પોતાના આસપાસના લોકોમાં રોગ ફેલાવે. |
| 3 | સામુદાયિક ટ્રાન્સમિશન | લોકલ ટ્રાન્સમિશનથી અસરગ્રસ્ત લોકો અન્ય લોકોને ફેલાવે. |
| 4 | મહામારી | સમગ્ર દેશમાં વાયરસ ફેલાય જાય |

## ☛ કોરોના વાયરસ કુટુંબ સાથે જોડાયેલ અન્ય રોગ

➤ કોરોના વાયરસ એક કુટુંબ છે જેમાં સામાન્ય શરદીથી લઈને મિડલ ઈસ્ટ રેસ્પીરેટરી સિન્ડ્રોમ (Middle East Respiratory Syndrome - MERS) તથા સિવિયર એક્યુટ રેસ્પીરેટરી સિન્ડ્રોમ (Severe Actute Respiratory Syndrome - SARS)નો સમાવેશ થાય છે.

## કોરોના વાયરસ ક્યાંથી આવે છે ?

➤ કોરોના વાયરસ પ્રાણીમાં ઉદભવપામી મનુષ્યમાં સ્થળાંતર પામે છે.

## MERS

➤ કોરોના વાયરસ કુટુંબનો MERS રોગ સપ્ટેમ્બર 2012માં સૌપ્રથમ સાઉદી અરેબિયામાં ઉદ્ભવ્યો હતો.

➤ MERSના સામાન્ય લક્ષણો તાવ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ હોય છે. આ ઉપરાંત ન્યુમોનિયા પણ જોવા મળે છે.

➤ MERS થયેલા લગભગ 35% દર્દીઓ મૃત્યુ પામે છે.

➤ MERSના ફેલાવા પાછળ ઊંટને માનવામાં આવે છે. આથી, મનુષ્યમાં તેના પ્રસરણનો સ્ત્રોત પશુને માનવામાં આવે છે. જો કે ઊંટ એ મનુષ્યમાં ચોક્કસ રીતે વાયરસ ફેલાવે છે કે નહીં તેની પુષ્ટિ કરવામાં આવી નથી. કારણ કે ચોક્કસ કારણો અને પુરાવા ઉપલબ્ધ નથી.

➤ રોગ માટે કોઈ રસી ઉપલબ્ધ નથી.

## SARS

➤ કોરોના વાયરસ કુટુંબનો SARS રોગ સૌપ્રથમ 2002માં ચીનમાં જોવામાં આવ્યો હતો અને ત્યારબાદ 30થી વધારે દેશોમાં ફેલાયો હતો.

➤ વાયરસના ઉદ્ભવ બાદ લગભગ 8000 લોકોને રોગ થયો હતો અને વૈશ્વિક 774 જેટલા મૃત્યુ થયા હતા.

➤ જો કે 2004થી આ રોગના કોઈ કેસ નોંધાયા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- SARS પણ પ્રાણીઓ દ્વારા ફેલાતો રોગ છે. સંભવિત સ્ત્રોત તરીકે ચામાચિડીયાને માનવામાં આવે છે. તે સામાન્ય રીતે ચીનમાં પ્રાણીઓના બજારમાં ખોરાક તરીકે વેંચાય છે અને મનુષ્ય તેના વેંચાણ પહેલા તેના સ્પર્શને કારણે ચેપી થયો હોવાનું માનવામાં આવે છે.
- SARS અંતર્ગત સામાન્ય તાવ, શરદી, માંસપેશીમાં દુખાવો, માથાનો દુખાવો કે ક્યારેક અતિસાર (Diarrehea) જેવા લક્ષણો જોવા મળે છે.

## ☛ વાયરસ વિશે વૈજ્ઞાનિક માહિતી

- વાયરસ એ એકોષીય સજીવ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.
- આપણે બધા ક્યારેક ને ક્યારેક શરદી સાથેના ચેપી તાવ કે ઈનફ્યુએન્ઝાના રોગમાં સપડાતા હોય છીએ.
- આપણે ભલે વાયરસના સંસર્ગમાં આવતા નથી તેમ છતાં પણ આપણને તેની અસર થાય છે.
- વાયરસ સાચા અર્થમાં વાસ્તવિક જીવન ધરાવતા નથી. તેથી આપણે વાયરસને વર્ગીકરણમાં શોધી શકતા નથી.
- વાયરસ અકોષીય સજીવ છે કે જેઓ જીવંત કોષની બહાર નિષ્ક્રિય સ્ફટિકમય રચના ધરાવવાથી વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- એક વાર તેઓ યજમાન કોષને ચેપ લગાડે છે ત્યારે તેઓ યજમાન કોષના વ્યવસ્થાતંત્રનો ભાગ બની આપમેળે જ સ્વયંજનિત થઈ યજમાનને મારી નાખે છે.
- વાયરસ પ્રોટીન ઉપરાંત જનીનદ્રવ્ય પણ ધરાવે છે. જે RNA કે DNA હોઈ શકે છે. કોઈપણ વાયરસમાં RNA તથા DNA બંને એકસાથે હોતા નથી.
- વાયરસમાં જનીનદ્રવ્ય (Genetic Material) તરીકે ન્યુક્લિઓપ્રોટીન છે અને જનીનદ્રવ્ય ચેપી હોય છે.
- જે વાયરસ વનસ્પતિને ચેપ લગાડે છે તે એકલ શૃંખલામય RNA (Single Stranded RNA) ધરાવે છે અને જે વાયરસ પ્રાણીઓને ચેપ લગાવે છે તે એકલ કે બેવડી શૃંખલામય RNA અથવા બેવડી શૃંખલામય DNA ધરાવે છે.
- બેક્ટેરિયલ વાયરસ કે બેક્ટેરિયોફેઝ વાયરસ સામાન્ય રીતે બેવડી શૃંખલામય DNA (Double Stranded DNA) વાયરસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- વાયરસના પ્રોટીન આવરણને કેપ્સિડ (Capsid) તરીકે ઓળખવામાં આવે છે. અને તે કેપ્સોમીયર કહેવાતા નાના ઉપએકમોનું બનેલું હોય છે.
- મનુષ્ય કોષ કે બેક્ટેરિયાની જેમ વાયરસ કોઈ રાસાયણિક ઉત્સેચકો ધરાવતા નથી. આથી વાયરસને કોઈ એક યજમાન કોષ (બેક્ટેરિયા, વનસ્પતિ કે પ્રાણી)માં રહે છે અને ત્યાં જ વધારે વાયરસ ઉત્પન્ન કરે છે. યજમાન કોષની બહાર વાયરસ જીવી શકે નહીં.
- વાયરસ વાતાવરણમાં આપણી આસપાસ હોય છે. તે આપણા નાક કે મોં દ્વારા પ્રવેશ કરી શકે છે.
- એકવાર પ્રવેશ કર્યા બાદ વાયરસ યજમાન કોષને ગોતશે. દા.ત. શરદી અને તાવના વાયરસ શ્વસન અને પાચક માર્ગમાં રહેલા કોષ પર હુમલો કરશે.

## વાયરસ વિશે

- વાયરસના કદ વિવિધ પ્રકારના હોય છે.
- અત્યંત નાના વાયરસનો વ્યાસ વર્તમાન સમય સુધીમાં 17થી 20 નેનોમીટર જેટલો જોવા મળ્યો છે. મધ્યમ કદના વાયરસનો વ્યાસ 250થી 400 નેનોમીટર જેટલો હોય છે. સૌથી વિસ્તૃત વાયરસની લંબાઈ 700થી 1000 નેનોમીટર જેટલી પણ જોવા મળી છે.
- વાયરસના કદ તથા આકારનો આધાર તેમાં રહેલા પ્રોટીન અને ન્યુક્લિક એસિડના જથ્થા અને તેની ગોઠવણી પર રહેલો હોય છે.
- સૌપ્રથમ વાયરસની શોધ Martinus Beijerinck દ્વારા ઈ.સ. 1898માં થઈ હતી. તમાકુના છોડને અસર કરતાં 'ટોબેકો મોઝેઈક વાયરસ'ની શોધ તેમણે કરી હતી.

## વાયરસના ચેપ કેવી રીતે પ્રસરે છે ?

1. ચેપગ્રસ્ત સજીવના નજીકના સંપર્કથી (સજીવ = માણસ, પશુ, પક્ષી)
2. ચેપગ્રસ્ત સજીવના શરીરમાંથી નીકળતા પ્રવાહીના સંપર્કમાં આવવાથી (લાળ, થૂંક, ઉધરસ, છીંક, પેશાબ, મળ, લોહી વગેરે)
3. ગર્ભાવસ્થા કે ડિલીવરી સમયે માતામાંથી બાળકમાં
4. ચેપગ્રસ્ત સપાટીના સંપર્કમાં આવવાથી (દરવાજાનું હેન્ડલ, દીવાલ, કાપડ કે અન્ય પદાર્થ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. અન્ય કોઈ રીતે (મૃત વ્યક્તિના શરીરમાં હજુ જીવંત રહેલા વાયરસ, ચેપી પાણી–ખોરાક ખાવાથી, વ્યક્તિના મૃત કોષ – સૂકી ચામડી દ્વારા, મચ્છર કે જીવજંતુ કરડવાથી વગેરે)

➤ અલગ–અલગ વાયરસ અલગ–અલગ સ્થાન કે સપાટી પર અલગ–અલગ સમય સુધી સક્રિય રહી શકે છે.

## વાયરસનો ઈલાજ

➤ વિશ્વમાં લાખો વાયરસ અસ્તિત્વ ધરાવે છે જે પૈકી આપણને માત્ર 5,000 જેટલા વાયરસની થોડી ઘણી જાણકારી છે.

➤ ખૂબ ઓછા વાયરસ માટેની દવાઓ તથા રસી ઉપલબ્ધ છે.

➤ વાયરસ દ્વારા થતા ચેપ/રોગ માટેની કોઈ નિશ્ચિત સારવાર હોતી નથી. પરંતુ જે–તે વાયરસ દ્વારા શરીરને થતી અસરોને અલગ–અલગ રીતે ઓછી કરી શકાય છે. અંતે આપણી રોગપ્રતિકારક શક્તિ વાયરસને નષ્ટ કરવાનો રસ્તો શોધે છે. પરંતુ ત્યાં સુધી શરીરને સ્વસ્થ રાખવું જરૂરી છે. જે માટે નીચેની પદ્ધતિઓ ઉપયોગી નીવડી શકે.

– ડિહાઈડ્રેશનથી બચવા માટે પ્રવાહીનું યોગ્ય સેવન કરવું.

– શરીરને યોગ્ય આરામ આપવો.

– દુ:ખાવો, તાવ કે અન્ય કોઈ તકલીફ દૂર કરવા માટેની યોગ્ય તથા સામાન્ય દવા લેવી.

– શરદી તથા ગળાની તકલીફનો દવા દ્વારા કે અન્ય કોઈ પદ્ધતિ દ્વારા ઈલાજ કરવો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચેપને પ્રસરતો અટકાવવો કેવી રીતે ?

1. સ્વચ્છતા જાળવવી

– જમ્યા પહેલા તથા પછી હાથ ધોવા.

– હાથ સ્વચ્છ ના હોય તો મોં તથા નાકને અડવું નહીં.

– બાથરૂમનો ઉપયોગ કર્યા બાદ સ્વચ્છતા જાળવવી.

– ટૂથબ્રશ, રૂમાલ, વ્યક્તિગત ખોરાકના વાસણો અન્યને આપવા નહીં.

2. રસી ઉપલબ્ધ હોય તો યોગ્ય સમયે રસીકરણ કરવું.
3. માંદગીના સમયે બહાર નીકળવું નહીં.
4. ખોરાક યોગ્ય રીતે રાંધવો.
– માંસ સરખું પકવવું.
– શાકભાજીનો ઉપયોગ કર્યા પહેલા સરખી રીતે ધોવા.
– વધેલા ખોરાકને ખૂલ્લામાં રાખવો નહીં.
5. જંતુઓના ડંખથી બચવું.
6. HIV જેવા વાયરસ જાતીય ક્રિયાઓ દરમિયાન ફેલાય છે. આથી, જાતીય ક્રિયાઓ દરમિયાન યોગ્ય સાવચેતી રાખવી.

## વાયરસનો ચેપ કેવી રીતે લાગે છે ?

➤ દા.ત. કોઈ એક વ્યક્તિને શરદી છે અને તેને છીંક આવે છે. હવે નીચેની પ્રક્રિયા દ્વારા તમને પણ ચેપ લાગશે.

1. તમારી પાસે ચેપી દર્દીને છીંક આવે.
2. તે માધ્યમથી વાયરસના કણ તમારી અંદર પ્રવેશશે અને ત્યાં તમારા નાકમાં સાયનસને ફેલાવતી કોશિકાઓ સાથે જોડાય જશે.
3. વાયરસ સાયનસને અસ્તર આપનારી કોશિકા પર હુમલો કરશે અને ઝડપથી નવા વાયરસનું પણ નિર્માણ કરશે.
4. યજમાન કોશિકાઓ તૂટવાથી નવા વાયરસ તમારા રક્તપ્રવાહ અને ફેફસાંમાં પણ ફેલાશે. કારણ કે તમે સાયનસને અસર કરનારી કોશિકા ગુમાવી ચુકયા છો, તરલ પદાર્થો તમારા નાકના માધ્યમથી વહેંશે અને તમને નાક દ્વારા સતત પાણી આવશે.
5. તરલ પદાર્થમાં વિષાણુઓ હોય છે જે તમારા ગળાથી નીચે ઉતરે છે અને ગળાના અસ્તરની કોશિકા પર હુમલો કરશે. જેનાથી તમે ગળામાં ખારાશ અનુભવો છો.
6. તમારા રક્તપ્રવાહમાં વાયરસ માંસપેશીઓની કોશિકા પર હુમલો કરી શકે છે અને તમને માંસપેશીઓમાં દુખાવો થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રોગપ્રતિકારક શક્તિ વાયરસને દૂર કેમ કરે છે ?

- ચેપને પ્રતિભાવ તમારી રોગપ્રતિકારક શક્તિ આપે છે. તે પાયરોજન નામનું રસાયણ ઉત્પન્ન કરે છે. જેનાથી તમારા શરીરનું તાપમાન વધે છે.
- તાવ વાયરસના પ્રજનનને અને ચેપ સાથે લડવામાં તમને મદદરૂપ બને છે. કારણ કે તમારા શરીરમાં રાસાયણિક પ્રતિક્રિયા મહત્તમ 98.6 ડિગ્રી ફેરનહીટ તાપમાને થાય છે તેનાથી તાપમાન વધે તો રાસાયણિક પ્રક્રિયા નબળી પડે છે.
- તમારી રોગપ્રતિકારક શક્તિ ત્યાં સુધી પ્રતિભાવ આપે છે જ્યાં સુધી વાયરસ શરીરમાંથી દૂર ન થાય.
- પરંતુ યાદ રાખો ચેપ દરમિયાન જો તમે છીંક ખાવ છો તો વાયરસ આજુબાજુના વાતાવરણમાં ફેલાયને અન્ય યજમાન કોષ ગોતે છે.

### ☛ વાયરસનું વર્ગીકરણ

- ઈન્ટરનેશનલ કમિટી ઓન ટેક્સોનોમી ઓફ વાયરસીઝ દ્વારા વર્ગીકૃત કરવામાં આવેલ પ્રણાલીને હાલમાં વાયરસના વર્ગીકરણ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- સામાન્ય વર્ગીકરણમાં ક્રમ, કુટુંબ, ઉપકુટુંબ, જીનસ અને પ્રજાતિઓનો સમાવેશ થાય છે.
- Caudovirales, Herpesvirales, Ligamenvirales, Mononegavirales, Nidovirales, Picornavirales અને Tumovirales એ હાલમાં વાયરસના 7 ઓર્ડર છે.
- આ ઉપરાંત વાયરસનું mRNA બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિના આધારે તેને વર્ગીકૃત કરવામાં આવે છે. તેને બાલ્ટીમોર વર્ગીકરણ કહેવામાં આવે છે. આ વર્ગીકરણ મુજબ વાયરસના 7 જૂથો ઓળખી શકાય છે. જે નીચે મુજબ છે.

1. dsDNA વાયરસ
2. ssDNA વાયરસ
3. dsRNA વાયરસ
4. (+)ssRNA વાયરસ
5. (-)ssRNA વાયરસ
6. ssRNA-RT વાયરસ
7. dsRNA-RT વાયરસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેટલાક વાયરસ/રોગ વિશેની સામાન્ય માહિતી

| ક્રમ | નામ | સમય | પ્રકાર | વાયરસના યજમાન | મૃત્યુઆંક (આશરે) |
|---|---|---|---|---|---|
| 1 | રશિયન ફલૂ | 1889-1890 | $H_2N_2$, $H_3N_8$ | પક્ષીજન્ય | 10 લાખ |
| 2 | સ્પેનિશ ફલૂ | 1918-1919 | $H_1N_1$ | ભૂંડ | 4થી 5 કરોડ |
| 3 | એશિયન ફલૂ | 1957-1958 | $H_2N_2$ | – | 11 લાખ |
| 4 | હોંગકોંગ ફલૂ | 1968-1970 | $H_3N_2$ | – | 10 લાખ |
| 5 | HIV/AIDS | 1981થી વર્તમાન | લેન્ટિવાયરસ | ચિમ્પાન્ઝી | 3 કરોડ (કુલ) |
| 6 | સ્વાઈન ફલૂ | 2009-10 | $H_1N_1$ | ભૂંડ | 2 લાખ |
| 7 | SARS | 2002-2003 | કોરોના | ચામાચીડીયું, સિવેટ (Civet) | 770 |
| 8 | ઈબોલા | 2014-2016 | ઈબોલા | જંગલી પ્રાણી | 11,000 |
| 9 | MERS | 2015 | કોરોના | ચામાચિડીયું, ઊંટ | 858 |
| 10 | COVID-19 | 2019-2020 | કોરોના | – | 1.19 લાખ (13 એપ્રિલ) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE® MAGIC 2020

## WEEK 1 TO 14 Download કરવા માટે નીચે આપેલ Thumb પર ક્લિક કરો

**WEEK 01**
CLICK HERE
29/12/19 TO 04/01/20



**WEEK 02**
CLICK HERE
05/01/20 TO 11/01/20



**WEEK 03**
CLICK HERE
12/01/20 TO 18/01/20



**WEEK 04**
CLICK HERE
19/01/20 TO 25/01/20




**WEEK 05**
CLICK HERE
26/01/20 TO 01/02/20



**WEEK 06**
CLICK HERE
02/02/20 TO 08/02/20



**WEEK 07**
CLICK HERE
09/02/20 TO 15/02/20



**WEEK 08**
CLICK HERE
16/02/20 TO 22/02/20



**WEEK 09**
CLICK HERE
23/02/20 TO 29/02/20



**WEEK 10**
CLICK HERE
01/03/20 TO 07/03/20



**WEEK 11**
CLICK HERE
08/03/20 TO 14/03/20



**WEEK 12**
CLICK HERE
15/03/20 TO 21/03/20



**WEEK 13**
CLICK HERE
22/03/20 TO 28/03/20



**WEEK 14**
CLICK HERE
29/03/20 TO 04/04/20



JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

## ☛ બેક્ટેરિયા વિશે વૈજ્ઞાનિક માહિતી

➤ બેક્ટેરિયા મોનેરા સૃષ્ટિના મુખ્ય સભ્યો છે. તે બધે જોવા મળતા સુક્ષ્મ જીવો છે.

➤ એક ખોબા જેટલી માટીમાં સેંકડો બેક્ટેરિયા જોવા મળે છે.

➤ કેટલાક બેક્ટેરિયા પરોપજીવી તરીકે અન્ય સજીવોમાં કે સજીવો પર જીવન ગુજારે છે.

➤ બેક્ટેરિયાને તેના આકારને આધારે ચાર કક્ષામાં વિભાજિત કરવામાં આવે છે.
ગોળાકાર – ગોલાણું, સળીયા આકારના – બેસિલસ,
અલ્પવિરામ આકારના – વીબ્રીયો અને કુંતલાકાર – સ્પાઈરીલમ

➤ બીજા સજીવોની સાપેક્ષે બેક્ટેરિયા એક સમૂહ તરીકે વિશાળ ચયાપચયિક વિવિધતા દર્શાવે છે.

➤ કેટલાક બેક્ટેરિયા સ્વયંપોષી છે અર્થાત્ અકાર્બનિક આધારકોમાંથી તેમના પોતાના ખોરાકનું સંશ્લેષણ કરે છે.

➤ કેટલાક બેક્ટેરિયા રોગકારકો હોય છે. જે મનુષ્ય, પાક, પાલતુ પ્રાણીને નુકસાન પહોંચાડે છે. કોલેરા, ટાઈફોઈડ, ધનુર એ જાણીતા રોગો બેક્ટેરિયા દ્વારા થાય છે.

➤ વિષમપોષી કે પરપોષી બેક્ટેરિયા કુદરતમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. મોટે ભાગે તેઓ મહત્ત્વના વિઘટકો છે. તેમાના ઘણા મનુષ્યની ક્રિયાવિધિ પર નોંધપાત્ર અસર કરે છે.

➤ બેક્ટેરિયા દૂધમાંથી દહીં બનાવવા, પ્રતિ જૈવિક દ્રવ્યો (Antibiotics)ના ઉત્પાદનમાં, શિમ્બી કુળ (Legume)ની વનસ્પતિના મૂળમાં નાઈટ્રોજનનું સ્થાપન કરવામાં મદદરૂપ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### બેક્ટેરિયા અને વાયરસ વચ્ચેનો તફાવત

| બેક્ટેરિયા | વાયરસ |
|---|---|
| ➤ બેક્ટેરિયાને પ્રજનન કરવા માટે યજમાન જીવની જરૂર રહેતી નથી. | ➤ વાયરસ અન્ય વાયરસ એ યજમાનની અંદર રહીને ઉત્પન્ન કરી શકે. |
| ➤ તેને સજીવ તરીકે માનવામાં આવે છે. | ➤ સજીવ તરીકે કેટલાક વૈજ્ઞાનિકો માનતા નથી. |
| ➤ લાઈટ માઈક્રોસ્કોપ અંતર્ગત મોટા દેખાય છે. | ➤ નાના હોય છે તે ઈલેક્ટ્રોન માઈક્રસ્કોપ દ્વારા જોઈ શકાય છે. |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| | |
|---|---|
| ➤ પેપ્ટીડોગ્લાયકેન કોષની દિવાલ ધરાવે છે. | ➤ તે કોષની દીવાલના બદલે પ્રોટીનનું આવરણ ધરાવે છે. |
| ➤ બેક્ટેરિયા એકકોષી છે. | ➤ વાયરસ કોષ ધરાવતા નથી. |
| ➤ બેક્ટેરિયાને એક, ગોળ રંગસૂત્ર હોય છે. | ➤ વાયરસને DNA/RNA શૃંખલા ધરાવે છે. |
| ➤ તે ફાયદાકારક અથવા નુકસાનકારક હોય છે. | ➤ સામાન્ય રીતે નુકસાનકારક હોય છે. પરંતુ જેનેટીક એન્જિનિયરીંગમાં ફાયદાકારક બને છે. |
| ➤ બેક્ટેરિયા દ્વારા ફૂડ પોઈઝનીંગ, ટાઈફોઈડ, કોલેરા વગેરે જેવા રોગ થઈ શકે છે. | ➤ વાઈરસ દ્વારા AIDS, શરદી, તાવ વગેરે જેવા રોગ થઈ શકે છે. |
| ➤ એન્ટિબાયોટિક દ્વારા તેનો ચેપ રોકી શકાય છે. | ➤ રસી દ્વારા તેનો ચેપ રોકી શકાય છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ☛ વૈશ્વિક મહામારી

➤ વિશ્વમાં અસંખ્ય દેશોમાં હજારો લોકોનો ભોગ લેનાર કોરોના વાયરસ (COVID-19)ને કારણે WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે.

➤ WHOના મહાસચિવ ડો. ટેડ્રોસ અદનોમ એ આ જાહેરાત કરી હતી.

➤ વૈશ્વિક મહામારી એટલે કોઈ એક જ ચેપી રોગના કારણે એક જ સમયે દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થાય ત્યારે તે રોગને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરવામાં આવે છે.

World Health Organization

## ☛ મહામારી અધિનિયમ, 1897

- તાજેતરમાં દેશમાં COVID-19ની અસરને ધ્યાનમાં રાખીને મંત્રીઓ–સરકારના જૂથની ઉચ્ચ–સ્તરની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત કેન્દ્રોને મહામારી અધિનિયમ, 1897 દ્વારા આવરી લેવામાં આવવા જોઈએ.
- મહામારી અધિનિયમ, 1897ની કલમ 2ની જોગવાઈઓનો અમલ કરવામાં આવે જેથી મંત્રાલય/રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સમય સમય પર જારી કરવામાં આવતી તમામ સલાહને યોગ્ય રીતે લાગુ કરી શકાય.

### મહામારી અધિનિયમ, 1897ની જોગવાઈઓ

- તે રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોને વિશિષ્ટ પગલા લેવા અને રોગચાળો રાખવા માટેના નિયમો ઘડવાની શક્તિ આપે છે.
- તે જાહેર કરે છે કે રાજ્ય કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા અવલોકન કરવામાં આવે તેવા હંગામી નિયમો લખી શકે છે, કારણ કે તે આવા રોગના ફેલાવા અથવા તેના ફેલાવાને રોકવા માટે જરૂરી હોય છે.
- રાજ્ય નક્કી કરી શકે છે કે કઈ રીતે અને કોના દ્વારા કરવામાં આવેલા કોઈપણ ખર્ચ (જો કોઈ હોય તો વળતર સહિત) ચૂકવવામાં આવશે.
- રાજ્ય સરકાર રેલવે દ્વારા મુસાફરી કરતા લોકોના નિરીક્ષણ માટેના નિયમો બનાવી શકે છે. હોસ્પિટલ અથવા તો નિરીક્ષણ અધિકારી દ્વારા શંકાસ્પદ વ્યક્તિઓને આવા રોગથી ચેપ લાગ્યો હોય તો અલગ રાખી શકે.
- કાયદા હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમન અથવા ઓર્ડરનો અનાદર કરવા બદલ દંડ કરવાની પણ જોગવાઈ કરે છે. આ અનાદર ભારતીય દંડ સંહિતાની કલમ 188 (જાહેર સેવક દ્વારા નિયમિતપણે રજૂ કરાયેલ ઓર્ડરની અવગણના) મુજબ છે.
- કાયદા હેઠળ કાર્યરત અમલીકરણ અધિકારીઓને કાયદેસરની સુરક્ષા પણ આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ☛ કોરોના વાયરસનો જીનોમ ક્રમ

### ચર્ચાનો મુખ્ય મુદ્દો




- ભારતીય ચિકિત્સા સંશોધન પરિષદે, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (Council of Scientific and Industrial Research - CSIR) સહિત બધી જ રાષ્ટ્રીય સંશોધન પ્રયોગશાળાઓને કોરોના વાયરસ પર પરીક્ષણ કરવાની મંજૂરી આપી છે.
- હજી સુધી ભારત દ્વારા કોરોના વાયરસના 9 જીનોમ 'ગ્લોબલ ઈનિશીયેટીવ ઓન શેરિંગ ઓલ ઈન્ફલુએન્ઝા ડેટા'ને મોકલી આપ્યા હતા. આ બધા જ જીનોમ એ 'નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી' દ્વારા મોકલવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જીનોમ ક્રમથી શું ફાયદો થાય છે ?

- જીનોમ ક્રમથી એ સમજવામાં સહાયતા પ્રાપ્ત થાય છે કે વાયરસની ઉત્પત્તિ ક્યાંથી થઈ હતી. આ સાથે જ ભારતમાં આ વાયરસની અલગ–અલગ જાત અને પ્રસાર થવાની રીતો વિશે પણ માહિતી મળશે.
- વાયરસના અભ્યાસ પરથી તેના સંબંધિત દવાઓ અને રસીને વિકસાવવામાં પણ મદદ થશે.

### ગ્લોબલ ઈનિશિયેટિવ ઓન શેરિંગ ઓલ ઈન્ફલુએન્ઝા ડેટા (GISAID)વિશે

- અલગ–અલગ દેશો પાસેથી જીનોમ સંબંધી ડેટા પ્રાપ્ત કરવા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વર્ષ 2008માં શરૂ કરવામાં આવેલું એક મંચ છે.
- એકત્રિત કરેલ ડેટા અંતર્ગત ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ સિક્વન્સ, તેનાથી સંબંધિત માહિતી, ભૌગોલિક તેમજ પ્રજાતિ સંબંધિત ડેટાનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- આ સાર્વજનિક મંચ દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટા એ સંશોધનકારોને વાયરસનો વિકાસ, ફેલાવો તેમજ રોગચાળાને સમજવામાં મદદરૂપ થાય છે.

## ☛ COVID-19 અંગે ભારત સરકારના પગલાઓ

### જનતા કરફ્યુ

➤ કોરોના વાયરસના રોગચાળાના કારણે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વાયરસ સામે લડવા માટે સમગ્ર ભારતમાં 22 માર્ચના રોજ જનતા કરફ્યુની જાહેરાત કરી હતી.







## લોકડાઉન

- તાજેતરમાં કેન્દ્ર સરકારે COVID-19 (કોરોના વાયરસ)ના કારણે સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કર્યું છે.
- આપાતકાલીન પરિસ્થિતિમાં જાહેર કરાયેલ ચોક્કસ વિસ્તારમાં લોકોને એ જ વિસ્તાર પૂરતા મર્યાદિત કરી દેવા માટે લાગુ કરવામાં આવતી વ્યવસ્થાને લોકડાઉન કહેવાય છે.
- લોકડાઉન દરમિયાન લોકોને ઘરની બહાર નીકળવાની સખત મનાઈ હોય છે. તથા તમામ સંસ્થાઓ, ઉદ્યોગો, દુકાનો વગેરે ફરજિયાતપણે બંધ રાખવાનું હોય છે.
- લોકડાઉન દરમિયાન મીડિયા, ડિફેન્સ, હોસ્પિટલ, હેલ્થ જેવી અનિવાર્ય સેવાઓ ચાલુ રહે છે. પરંતુ આ માટે વ્યક્તિને પોતાનું ઓળખપત્ર પાસે રાખવું જરૂરી હોય છે.
- આ સમય દરમિયાન મેડિકલ સહાયતા, દૂધ, અનાજ, કરિયાણું, દવા વગેરે જેવા હેતુથી બહાર નીકળી શકાય છે. પરંતુ એ માટે ચોક્કસ કારણ દર્શાવવું જરૂરી છે.
- COVID-19 એ વ્યક્તિઓના સંપર્કથી ફેલાતો રોગ છે. આથી આ રોગને ફેલાતો અટકાવવા માટે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં રહે જેથી આ રોગચાળાને ફેલાતો અટકાવાય એ જ લોકડાઉનનો મુખ્ય હેતુ છે.
- તાજેતરમાં ચીન, ઈટલી, ફ્રાન્સ, સ્પેન વગેરે જેવા દેશોમાં ચોક્કસ વિસ્તારમાં લોકડાઉન લાદયું હતું. જેના કારણે COVID-19 સંદર્ભે તેના હકારાત્મક પરિણામો જોવા મળ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## લોકડાઉનનો સમય 21 દિવસ જ શા માટે ?

- 21 દિવસના લોકડાઉનના સમયનો નિર્ણય વૈજ્ઞાનિક આકડાના આધારે નક્કી કરવામાં આવ્યો છે.
- આ વાયરસના સંદર્ભમાં 21 દિવસના લોકડાઉન સમયની ગણતરીની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને આ ગણતરી વાયરસની માનવ શરીરમાં અંદાજીત સેવન (Incubation Period)ના સમયગાળા પર આધારિત હતી.
- સાર્વજનિક આરોગ્ય નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર 21 દિવસની ક્વોરેન્ટાઈન (Quarantine)નો નિર્ણય ભૂતકાળ અને વર્તમાન રોગચાળાના આકડાના અર્થઘટનના આધારે નક્કી કરવામાં આવ્યો છે.

**નોંધ :**(1) અરૂણાચલ પ્રદેશના 'ગાલો' નામના આદિજાતિ સમૂહ દ્વારા 'અર્ર–રિનામ' નામના લોકડાઉન અનુષ્ઠાનનું આયોજન થયું હતું.

(2) 'અર્ર–રિનામ' એ એક આદિજાતિ લોકડાઉન અનુષ્ઠાન છે. જેનો મુખ્ય ઉદ્દેશ મહામારી વધે એ પહેલા જ તેને રોકવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

"સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની સફરમાં બહારે બધુ બંધ છે....
ચાલને ભીતરે જઈએ....
કોરોનાની મહામારીમાં રોડરસ્તા લોકડાઉન...
આપની તૈયારીનો ઉત્સાહ, ઉમંગ લોકડાઉન નથી...
લોકોની ભીડ, દુકાનો–ઓફિસો લોકડાઉન...
આપના સપનાઓ, આકાંક્ષાઓ લોકડાઉન નથી...
મંદીર, મસ્જીદ, ગુરૂદ્વારા બધું જ લોકડાઉન...
પ્રભુને પ્રાર્થના, લોકસેવા, માનવતા લોકડાઉન નથી...
ઘરમાં છીએ કોરંટાઈન બહાર જાવું લોકડાઉન...
પરંતુ ICEનું કરન્ટ અફેર્સ લોકડાઉન નથી...
અમે તૈયાર છીએ આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે,
તો આપ પણ તૈયાર થઈ જાઓ કેમ કે અમે લાવી રહયા છીએ...
"ICE DAILY DOSE""




ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા અહીં કલિક કરો

## MyGov Corona Helpdesk


- ભારતમાં લોકોને કોરોના વાયરસ વિશે સાચી માહિતી મળી રહે તે માટે કેન્દ્ર સરકારે WhatsApp પર એક ઓફિશિયલ ચેટ લોન્ચ કર્યું છે. જેને 'MyGov Corona Helpdesk' નામ આપવામાં આવ્યું છે.
- આ હેલ્પડેસ્કનો લાભ લેવા માટે 9013151515 પર હિન્દી અથવા અંગ્રેજીમાં 'નમસ્તે' લખીને મેસેજ કરવાનો રહેશે. આ મેસેજ કરવાથી કોરોના વાયરસ વિશે સાચી માહિતી મળશે.

## પ્રોજેક્ટ CoNTec

- તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 'નેશનલ ટેલિકંસલ્ટેશન સેન્ટર – કોનટેક' (National Teleconsultation Center - CoNTec)ની શરૂઆત કરવામાં આવી હતી.
- પ્રોજેક્ટ કોનટેક (CoNTec) એ 'COVID-19 નેશનલ ટેલિકંસલ્ટેશન સેન્ટર'નું સંક્ષિપ્ત નામ છે.
- પ્રોજેક્ટ કોનટેકની સ્થાપના AIIMS-નવી દિલ્હી દ્વારા કરવામાં આવી હતી.
  (AIIMS - All India Institute of Medical Science)
- AIIMSના ચિકિત્સકોના વિશાળ અનુભવોનો લાભ નાના રાજ્યો પણ મેળી શકે તે તેમનો મુખ્ય ઉદ્દેશ છે.
- પ્રોજેક્ટ કોનટેક એ એક બહુવિધ મોડેલ સંદેશા વ્યાવહારનું કેન્દ્ર છે. જેના માધ્યમથી દેશ સિવાય વિશ્વના કોઈપણ ભાગમાં બંને બાજુથી ઓડિયો-વીડિયો વાર્તાલાપની સાથે સાથે લેખિત સંપર્ક પણ સાધવામાં આવે છે.
- વાતચીતના સાધનો તરીકે મોબાઈલ ફોનની સાથે બંને બાજુથી વીડિયો વાર્તાલાપ માટે WhatsApp, Skype અને Google Duoનો ઉપયોગ કરશે.
- પ્રોજેક્ટ કોનટેક, લખનઉની સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ સ્થિત NMCN (National Medical College Network)ના માધ્યમથી જોડાયેલ 50 મેડિકલ કોલેજો વચ્ચે વીડિયો કોન્ફરન્સનું સંચાલન કરવા માટે સંપૂર્ણ રીતે સંકળાયેલ છે.
- આ કેન્દ્રનું લક્ષ્ય દેશભરના ચિકિત્સકોને એકબીજા સાથે જોડવાનું છે.
- જેથી તે એકસાથે પ્રોટોકલ પર ચર્ચા કરી શકે અને સારવાર વિશેની માહિતી ઉપલબ્ધ કરી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PM-CARES FUND




- કેન્દ્ર સરકારે COVID-19 રોગચાળાના કારણે થતી કોઈપણ પ્રકારની કટોકટી અથવા કટોકટીની પરિસ્થિતિને નિવારવા માટે 'PM-CARES FUND'ની સ્થાપના કરી છે.
- PM-CARES FUND : Prime Minister's Citizen Assistance and Relief In Emergency Situations Fund
- PM-CARES FUND એ એક 'સાર્વજનિક ચેરિટેબલ ટ્રસ્ટ' છે.
- જેના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે. અન્ય સભ્યમાં સંરક્ષણ મંત્રી, ગૃહમંત્રી અને નાણામંત્રી હોય છે.
- આ ફંડમાં ભંડોળની રકમ નક્કી કરવામાં આવી નથી. જેના પરિણામે મોટી સંખ્યામાં લોકો ફાળો આપી શકશે.
- આ ભંડોળ આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતાઓને મજબૂત કરવા અને નાગરિકોનું રક્ષણ કરવા સંશોધનને પ્રોત્સાહિત કરશે.
- કોર્પોરેટ કાર્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે કંપનીઓએ CSR હેઠળ PM-CARES FUNDમાં ફાળો આપી શકે છે.
- કંપની અધિનિયમ, 2013 હેઠળ CSR (Corporate Social Responsibility)ની જોગવાઈ એવી કંપનીઓને લાગુ પડે છે કે જેમની કુલ સંપત્તિ 500 કરોડથી વધુ અથવા કુલ ટર્નઓવર 1000 કરોડથી વધુ અથવા ચોખ્ખો નફો (Net Profit) 5 કરોડથી વધુ હોય.
- CSR હેઠળ ઉપરોક્ત કંપનીઓએ તેમના છેલ્લા ત્રણ વર્ષના ચોખ્ખા નફામાંથી સરેરાશ 2 ટકા ફાળો આપવો જરૂરી છે.

**નોંધ :** પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળને 'આવકવેરા અધિનિયમ - 1961'ની કલમ 10 અને કલમ 139 હેઠળ આવકવેરા રીટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તથા કલમ 80(G) અંતર્ગત સંપૂર્ણપણે કરવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## PM કેર ફંડ હેઠળ વિદેશી સહયોગની મંજૂરી

➤ તાજેતરમાં COVID-19ના પડકારનો સામનો કરવા માટે ભારત સરકારે 'પ્રધાનમંત્રી નાગરિક સહાયતા અને કટોકટી પરિસ્થિતિ ભંડોળ' (Prime Minister's Citizen Assistance and Relief in Emergency Situations or PM-CARES) હેઠળ વિદેશી સહકાર સ્વીકારવાનો નિર્ણય લીધો છે.

## મહત્ત્વના મુદ્દાઓ

➤ સરકારના આ નિર્ણય પછી નાગરિકો, સંસ્થાઓ અને અન્ય દેશોની સરકાર પણ આ રાહત ભંડોળમાં સહકાર આપી શકશે.


➤ આ પહેલા આપત્તિ વ્યવસ્થાપન માટે વડાપ્રધાનના રાષ્ટ્રીય રાહત ભંડોળ (Prime Minister's National Relief Fund - PMNRF) હેઠળ ભારત સરકારે છેલ્લા 16 વર્ષથી હેઠળ કોઈપણ પ્રકારની વિદેશી સહાય સ્વીકારી ન હતી.

➤ જોકે, હાલમાં ફક્ત PM-CARES હેઠળ માત્ર વિદેશી સહયોગ/અનુદાનની મંજૂરી છે અને PMNRF જેવા અન્ય કોઈપણ પ્રકારના ભંડોળ અથવા રાહત ભંડોળમાં વિદેશી સહયોગને હજુ પણ પ્રતિબંધિત રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આરોગ્ય સેતુ એપ્લીકેશન

➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે COVID-19 સામે નિશ્ચિત લડતમાં ભારતના લોકોને એકસાથે લાવવા જાહેર–ખાનગી ભાગીદારીમાં 'આરોગ્ય સેતુ' નામની એપ્લીકેશનનો પ્રારંભ કરાવ્યો છે. તથા આ એપ્લીકેશનને ગુગલ પ્લે સ્ટોર પર લોન્ચ કરવામાં આવી છે.



➤ મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી હેઠળ કાર્ય કરતા NIC (National Informations Center) દ્વારા આ એપ્લીકેશન વિકસાવવામાં આવી છે.

- ➤ આ એપ્લીકેશનનો મુખ્ય ઉદ્દેશ COVID-19થી સંક્રમિત વ્યક્તિઓ અને તેના ઉપાયો સંબંધિત માહિતી પ્રદાન કરવાનો રહેશે.
- ➤ આ એપ્લિકેશન 11 ભાષામાં ઉપલબ્ધ છે.
- ➤ આ એપ્લિકેશનમાં બ્લૂટુથ, એલ્ગોરિધમ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ થશે.
- ➤ આ એપ્લિકેશન અમુક પરિણામોના આધારે ચેપના જોખમને આકારણી કરી શકે છે.
- ➤ જો કોઈ વ્યક્તિ COVID-19 સકારાત્મક (પોઝીટીવ) વ્યક્તિ સાથે સંપર્કમાં આવે છે તો એપ્લીકેશન સૂચનાઓ મોકલવાની સાથેસાથે કાળજી લેવાની માહિતી પણ પ્રદાન કરશે.

## કરવેરા અને અન્ય કાયદા વટહુકમ - 2020

- ➤ તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી દ્વારા 'કરવેરા અને અન્ય કાયદાઓ (વિવિધ જોગવાઈઓમાં રાહત) વટહુકમ - 2020'ની જાહેરાત કરી હતી.
- ➤ આ વટહુકમ COVID-19 રોગચાળાને ધ્યાનમાં રાખીને વિવિધ કરવેરા સંબંધિત છે.
- ➤ આ વટહુકમમાં કરવેરા અને બેનામી અધિનિયમ હેઠળ વિવિધ સમય મર્યાદાઓ લંબાવવાની જોગવાઈ કરવામાં આવી છે.
- ➤ આ વટહુકમ અંતર્ગત આવકવેરા, રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રો અને જાહેર ભવિષ્ય નિધિ જેવા આવકવેરાના સાધનોમાં અંતિમ તારીખો વધારી દેવામાં આવી છે. તથા આધારકાર્ડ અને પાનકાર્ડને એકબીજા સાથે જોડવાની છેલ્લી તારીખ 30 જૂન, 2020 કરવામાં આવી છે.
- ➤ 'PM-CARES Fund'માં સમાન કર રાહત આપવા આ વટહુકમ હેઠળ 'આવકવેરા અધિનિયમ'ની જોગવાઈમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.
- ➤ 'PM-CARES Fund'માં આવેલા દાનને આવકવેરા અધિનિયમની કલમ 80(G) અંતર્ગત સંપૂર્ણપણે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. તથા કુલ આવકના 10 ટકા કપાતની મર્યાદા પણ 'PM-CARES Fund'માં આપવામાં આવેલા દાનમાં લાગુ થશે નહીં.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) ભારતના બંધારણના અનુચ્છેદ 123 હેઠળ રાષ્ટ્રપતિ પાસે સંસદનું સત્ર ચાલુ ન હોય તેવી સ્થિતિમાં વટહુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા છે.

(2) વટહુકમ પ્રસિદ્ધ થયા બાદ સાંસદની બેઠક મળે ત્યારથી 6 અઠવાડિયા (42 દિવસ)માં સંસદના બંને ગૃહની મંજૂરી લેવી જરૂરી છે.

(3) વટહુકમની સત્તા સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાની સમાન છે.

(4) રાષ્ટ્રપતિ કોઈપણ સમયે વટહુકમ પાછો ખેંચી શકે છે.

## COVID-19 માટે એન્ટિબોડી કીટ




- તાજેતરમાં જ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ ઉત્પાદકોને 5 લાખ એન્ટિબોડી કીટ સપ્લાય કરવા આમંત્રિત કર્યા છે, જેથી COVID-19 ચેપના નિદાન માટે શંકાસ્પદ દર્દીઓની તપાસ કરવામાં મદદ મળી શકે.

ICE INSTITUTE FOR COMPETITIV

**મુખ્ય બાબતો :**

- COVID-19ના પરીક્ષણ માટે એન્ટિબોડી પરીક્ષણ એ સ્ક્રીનીંગ પ્રક્રિયા તરીકે કાર્ય કરશે જે થોડા કલાકોમાં ઝડપી પરિણામ આપશે.
- એન્ટિબોડી પરીક્ષણ વાયરસ પ્રત્યે શરીરના પ્રતિભાવને શોધી કાઢે છે. તે સંકેત આપે છે કે વ્યક્તિ વાયરસના સંપર્કમાં આવ્યો છે કે નહીં.
- જો પરીક્ષણ સકારાત્મક હોય, તો સ્વેબ એકત્રિત કરવામાં આવે છે અને પોલિમરેઝ ચેઈન રિએક્શન - PCR કીટનો ઉપયોગ કરીને એક રિબોન્યુક્લિક એસિડ (RNA) પરીક્ષણ કરવામાં આવે છે. તેથી, આ પરીક્ષણ બે તબક્કામાં કરવામાં આવે છે.
- જોકે, એન્ટિબોડી પરીક્ષણ એ નિશ્ચિતરૂપે સૂચવતું નથી કે કોઈ વ્યક્તિ COVID-19 ચેપથી સંક્રમિત છે કે કેમ. તેનો ઉપયોગ ફક્ત સ્ક્રીનીંગ માટે થાય છે.

- ➢ હાલમાં, ભારત COVID-19 ચેપને શોધવા માટે ફક્ત પરંપરાગત RT-PCR (Reverse Transcription Polymerase Chain Reaction) પરીક્ષણો કરી રહ્યું છે.
- ➢ RT-PCR પરીક્ષણ RNA સંબંધિત વાયરસ આનુવંશિક સામગ્રી શોધી કાઢે છે. જ્યારે એન્ટિબોડી પરીક્ષણ વાયરસ પ્રત્યે શરીરના પ્રતિભાવને શોધી કાઢે છે.

## એન્ટિબોડી કીટની જરૂર શા માટે છે ?

- ➢ જ્યાં મોટી સંખ્યામાં લોકો છે, ત્યાં એન્ટિબોડી ટેસ્ટ કીટનો ઉપયોગ RT-PCR ટેસ્ટ કીટના અભાવને કારણે થશે.
- ➢ RT-PCR પરીક્ષણ ખૂબ જટિલ, ખર્ચાળ અને સમય માંગી લે છે. પરિણામે, ચેપનું જોખમ વધે છે.
- ➢ એન્ટિબોડી પરીક્ષણનો ઉપયોગ કેટલાક દેશોમાં કરવામાં આવતો હતો, જેમ કે દક્ષિણ કોરિયા જ્યાં તેનાથી સકારાત્મક પરિણામો જોવા મળ્યા હતા.
- ➢ એન્ટિબોડી કીટનો ઉપયોગ દક્ષિણ કોરિયામાં મુસાફરી કરનારા અને સામૂહિક સંપર્કમાં આવતા લોકોને ચકાસવા માટે કરવામાં આવી રહ્યો છે.
- ➢ દક્ષિણ કોરિયામાં એન્ટિબોડી કીટનો ઉપયોગ કરીને સંપર્ક ટ્રેસ દ્વારા મોટી સંખ્યામાં શંકાસ્પદ દર્દીઓની શોધ કરવામાં આવી રહી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આરોગ્ય કર્મીઓ માટે વીમા યોજના

- ➢ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા COVID-19 સામે લડી રહેલા આરોગ્ય કર્મીઓ માટે એક વીમા યોજનાની જાહેરાત કરી છે.
- ➢ આ વીમા યોજનાનો સમયગાળો 90 દિવસનો રહેશે.
- ➢ આ યોજના અંતર્ગત આરોગ્ય કર્મીને 50 લાખ રૂપિયાનું વીમા કવચ ઉપલબ્ધ કરવામાં આવશે.

## ઓપરેશન નમસ્તે

- ➢ COVID-19 સામેની લડતમાં ભારત સરકારની મદદ કરવા માટે તાજેતરમાં ભારતની સેના દ્વારા 'ઓપરેશન નમસ્તે' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.



➤ આ અભિયાન અંતર્ગત ભારતની સેના દ્વારા ભારત સરકારને શક્ય હશે તેટલી મદદ કરવામાં આવશે.

## 'Stranded in India' પોર્ટલ




➤ પર્યટન મંત્રાલય ભારત સરકાર દ્વારા ભારતમાં અટવાઈ પડેલા વિદેશી પ્રવાસીઓને સહાયતા કરવાના ઉદ્દેશથી એક પોર્ટલની શરૂઆત કરી છે.

➤ તેનો હેતુ પોતાની માતૃભૂમિથી દૂર અટવાઈ પડેલા વિદેશી પ્રવાસીઓ દ્વારા લેવાતી સેવાઓ અને તે અંગેની માહિતીનો પ્રચાર પ્રસાર કરવાનો છે. આ પોર્ટલનું નામ 'ભારતમાં નિરાધાર – Stranded in India' રાખવામાં આવ્યું છે અને તેનું લક્ષ્ય દેશના જુદા–જુદા ભાગોમાં અટવાઈ પડેલા વિદેશી પ્રવાસીઓ માટે એક સપોર્ટ નેટવર્ક તરીકે કામ કરવાનું છે.

➤ સમગ્ર વિશ્વ કોરોના વાયરસના કારણે વાસ્તવમાં એક અપવાદરૂપ પરિસ્થિતિનો સામનો કરી રહ્યુ છે અને તેથી પ્રવાસીઓ અને ખાસ કરીને જેઓ અન્ય દેશોમાંથી આવ્યા છે તેમની સુખાકારીની ખાતરી કરવી એ સતત કાર્યરત પ્રયાસ છે.

➤ strandedinindia.com પોર્ટલમાં નીચે મુજબની માહિતીઓ આપવામાં આવી છે કે જે પ્રવાસીઓને તેમના જરૂરિયાતના સમયમાં ઉપયોગી નીવડી શકે છે :

1. COVID-19 હેલ્પલાઈન નંબર અથવા કોલ સેન્ટર અંગેની વ્યાપક માહિતી કે જ્યાં વિદેશી પ્રવાસીઓ તાત્કાલિક મદદ માટે સંપર્ક કરી શકે છે.
2. વિદેશી બાબતોને લગતા મંત્રાલય અંતર્ગત રહેલા કેન્દ્રો અને તેમની સંપર્ક સહિતની જુદી–જુદી માહિતી
3. રાજ્ય આધારિત/પ્રાદેશિક પર્યટન સહાયતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેની માહિતી
4. વધુ માહિતીની જરૂરિયાત ધરાવતા લોકોને મદદ કરવા અને તેમને વિદેશી પ્રવાસીઓને સંલગ્ન સત્તાધીશો સાથે જોડવા માટે હેલ્પ સપોર્ટ સેક્શન

## સ્થળાંતર શ્રમિક શિબિર

➤ COVID-19 રોગચાળાને કારણે દેશમાં લાદવામાં આવેલા 21 દિવસીય રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને ધ્યાનમાં રાખીને, ગૃહ મંત્રાલયે રાજ્યોને, રાજમાર્ગો અને નિયમિત તબીબી તપાસણી ઉપર તાત્કાલિક રાહત શિબિરો લગાવવા આદેશ આપ્યો હતો.

➤ ગૃહ મંત્રાલયે કામદારો (મજૂર) અને બેઘર લોકો માટે કામચલાઉ આવાસો, ખોરાક, કપડા, તબીબી સંભાળ વગેરેનું સંચાલન કરવા અને રાજ્ય આપત્તિ પ્રતિક્રિયા ભંડોળનો ઉપયોગ કરવા રાજ્યોને સત્તા આપી છે.

➤ ગૃહ મંત્રાલયે COVID-19 રોગચાળાને Notified Disaster તરીકે માનવાનો નિર્ણય કર્યો છે.

**નોંધ:** (1) લોકડાઉન દરમિયાન નાગરિકોને ઈ–પાસ ઉપલબ્ધ કરાવવા ઝારખંડ સરકાર દ્વારા 'પ્રગયામ' એપ લોન્ચ કરવામાં આવી છે.

(2) કોરોના વાયરસ સામે લડવા બજેટમાં ફંડની ફાળવણી કરનાર દિલ્હી ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું.

(3) ગુજરાતમાં અસંગઠિત મજૂરો માટે ગુજરાત સરકાર દ્વારા રૂ. 650 કરોડના સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

(4) ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ કેરળમાં નોંધાયો હતો. તથા કોરોના વાયરસથી પ્રથમ મૃત્યુ કર્ણાટકમાં થયું હતું.

## સીમ સીલિંગ ગ્લુ ધરાવતા બાયો સૂટ



➤ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (DRDO)એ જીવલેણ વાયરસથી સલામત રહેવા અને COVID-19 સામે લડવામાં સંકળાયેલા તબીબી, પેરામેડિકલ અને અન્ય કર્મચારીઓને સુરક્ષિત રાખવા માટે બાયો સૂટ વિકસાવવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સીમ સીલિંગ ગ્લુ ધરાવતા બાયો સૂટ વિશે :

- આ સૂટ ઉદ્યોગની મદદ સાથે તૈયાર કરવામાં આવ્યા છે તથા એ ટેક્સટાઈલના માપદંડો માટે કડક પરીક્ષણ તેમજ કૃત્રિમ લોહી સામે સુરક્ષાને આધિન છે.
- કૃત્રિમ લોહી સામે સંરક્ષણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MOHFW) દ્વારા બોડી સૂટ માટે નિર્ધારિત માપદંડોથી વધારે સુરક્ષા આપે છે.
- DRDOએ એ સુનિશ્ચિત કરવા તમામ પ્રયાસો કર્યા છે કે, આ સૂટનું ઉત્પાદન મોટી સંખ્યામાં થાય અને COVID-19 સામે મોખરે રહીને લડતા મેડિકલ, પેરામેડિકલ અને અન્ય કર્મચારીઓ માટે મજબૂત સુરક્ષા કવચ તરીકે કામ આપશે.

## COVID-19 ફેક્ટ-ચેક યુનિટ

- COVID-19 રોગચાળાને પગલે, ભારત સરકારના સૂચના પ્રસારણ મંત્રાલય અને પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો (PIB) દ્વારા 2 એપ્રિલ, 2020ના રોજ એક વેબ પોર્ટલ COVID-19 ફેક્ટ–ચેક યુનિટની શરૂઆત કરવામાં આવી હતી.

## COVID-19 ફેક્ટ-ચેક યુનિટ વિશે :

- આ વેબ પોર્ટલ દ્વારા COVID-19થી સંબંધિત માહિતી પ્રદાન કરવા માટેના લોકોના ઈમેઈલ સંદેશા પ્રાપ્ત થશે અને તેમની ચોકસાઈ તપાસ્યા પછી પ્રતિસાદ મોકલશે.
- ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) જેવી સંસ્થાઓના વ્યાવસાયિકોને જોડીને COVID-19 રોગચાળાના કોઈપણ તકનીક પાસાથી સંબંધિત નાગરિકોની શંકાઓને સ્પષ્ટ કરવા માટે એક તકનીકી જૂથની રચના કરી છે.
- આ તકનીકી જૂથ વેબ પોર્ટલ 'COVID-19 ફેક્ટ–ચેક યુનિટ' દ્વારા નાગરિકોને માહિતી પ્રસારિત કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રોજેક્ટ પ્રાણ

- IISC બેંગલુરુના વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકોએ 'પ્રોજેક્ટ પ્રાણ' હેઠળ સ્વદેશી વેન્ટિલેટર બનાવ્યા છે.
- વેન્ટિલેટર પ્રેશર સેન્સરની મદદથી બનાવવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ મોટાપાયે ઓટોમોબાઈલ ઉદ્યોગમાં થાય છે. સેન્સર સિવાય વૈજ્ઞાનિકો એ રિવર્સ ઓસ્મોસિસ વોટર ફિલ્ટર્સનો પણ ઉપયોગ કર્યો હતો.
- વેન્ટિલેટરમાં દબાણ અને ફ્લો પરિમાણો PLC બોર્ડનો ઉપયોગ કરીને નિયંત્રિત થાય છે. PLC બોર્ડ એક પ્રોગ્રામેબલ લોજિક કંટ્રોલર બોર્ડ છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પ્રોગ્રામિંગ હેતુઓ માટે થાય છે.
- વેન્ટિલેટર સંકુચિત હવા સાથે ઓક્સિજનનું મિશ્રણ કરે છે.
- વેન્ટિલેટર માટે ઉપયોગમાં લેવામાં આવતા બધા ઘટકો ભારતના છે અથવા બનાવવામાં આવે છે. તેથી વેન્ટિલેટર 100% સ્વદેશી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંસદ સદસ્ય સ્થાનીય ક્ષેત્ર વિકાસ યોજના મોકૂફ

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા COVID-19ના રોગચાળા વિરુદ્ધ ભંડોળ એકઠુ કરવા માટે આવતા 2 વર્ષ માટે 'સંસદ સદસ્ય સ્થાનીય ક્ષેત્ર વિકાસ યોજના (Member of Parliament Local Area Development Scheme - MPLADS)'ને મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ ઉપરાંત મંત્રીમંડળ દ્વારા બધા જ સંસદ સદસ્યોના વેતનમાં 30%નો ઘટાડો કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.
- કેબિનેટના આ નિર્ણયના અમલ માટે રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમ જાહેર કરવામાં આવશે જે 'સંસદ સદસ્ય વેતન, ભથ્થા અને પેન્શન અધિનિયમ, 1954'માં સુધારો કરશે.
- સંસદ સદસ્ય સ્થાનીય ક્ષેત્ર વિકાસ યોજના અને સંસદ સભ્યોના વેતનમાં મૂકવામાં આવેલ કાંપની રકમ ભારતની સંચિત નીધિમાં જમા કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીમંડળનો આ નિર્ણય 1 એપ્રિલ, 2020થી શરૂ થનાર નાણાંકીય વર્ષથી અમલમાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સંસદ સદસ્ય સ્થાનીય ક્ષેત્ર વિકાસ યોજના વિશે :

- આ યોજના સંસદ સભ્યોને તેમના સંસદીય ક્ષેત્રના વિકાસ માટે વાર્ષિક રૂ. 5 કરોડની સહાય આપવા સાથે જોડાયેલી છે.
- યોજનાની શરૂઆત વર્ષ 1993માં કરવામાં આવી હતી.
- આ યોજના દ્વારા સંસદીય સદસ્યો પોતાના ક્ષેત્રમાં વિકાસના કાર્યો જેવા કે પીવાનું પાણી, જાહેર સ્વાસ્થ્ય, સ્વચ્છતા, શિક્ષણ વગેરે પાછળ કરી શકે છે.
- આ યોજના અતર્ગત મળતી રકમના 15% રકમ અનુસૂચિત જાતિ (SC) માટે અને 7.5% રકમ અનુસૂચિત જનજાતિ (ST) માટે ખર્ચ કરવાની રહેશે.
- લોકસભા તેમજ રાજ્યસભાના ચૂંટાયેલા અને નામાંકિત સદસ્યો નીચે મુજબના ક્ષેત્રમાં કાર્ય કરી શકે છે.

| સંસદ સભ્યો | કયા ક્ષેત્રમાં કામ કરી શકે ? |
|---|---|
| લોકસભાના સભ્યો | પોતાના ચૂંટાયેલા ક્ષેત્રમાં |
| રાજ્યસભાના ચૂંટાયેલ સભ્યો | પોતે જે રાજ્યમાંથી ચૂંટાયા હોય તે રાજ્યમાં |
| રાજ્યસભાના અને લોકસભામાં નામાંકિત સભ્યો | દેશમાં કોઈપણ સ્થળ અને ક્ષેત્રમાં |

- આ યોજનાનું અમલીકરણ એ 'કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય' (Ministry of Stastics and Programme Implementation) દ્વારા કરાવવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દ્વારા યોજના અંતર્ગતની રકમ બે હપ્તામાં સીધી જિલ્લા અધિકારીને આપવામાં આવે છે. જેની પસંદગી સંસદ સભ્ય દ્વારા કરવામાં આવી હોય.

## અનુચ્છેદ 142 અને સુપ્રીમ કોર્ટ

### ચર્ચાનો મુખ્ય મુદ્દો

- સુપ્રીમ કોર્ટ દ્વારા અનુચ્છેદ 142 અંતર્ગત મળતી સત્તાનો ઉપયોગ કરી, COVID-19 રોગચાળાને પગલે લોકોને કોર્ટની સુનવણીમાં હાજરી આપવા અથવા કોર્ટની સુનવણીમાં ભાગ લેવા પરના પ્રતિબંધને કાયદેસર ગણાવ્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ તર્ક

(1) આ પ્રતિબંધ એ સામાજિક અંતર (Social Distance)ના ધારા–ધોરણોને જાળવવામાં ખૂબ ઉપયોગી બની રહેશે.

(2) દરેક વ્યક્તિ અને સંસ્થા દ્વારા વાયરસના સંક્રમણને ઘટાડવા લેવાયેલ પગલાઓના અમલીકરણમાં સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

(3) આ બાબત ઈચ્છાશક્તિની નહીં પરંતુ વ્યક્તિની ફરજની છે. એ બાબત પણ સુનિશ્ચિત કરવી જરૂરી છે કે કોર્ટ પરિસર એ વાયરસને ફેલાવવામાં ફાળો ન આપે.

## અનુચ્છેદ 142 શું છે ?

- અનુચ્છેદ 142 સુપ્રીમ કોર્ટને ‘સંપૂર્ણ ન્યાય’ (Complete Justice) આપવાની વિશેષ સત્તા આપે છે.
- જ્યારે કોઈ કાયદો કે નિયમ ન્યાય આપવા સમર્થ ન હોય કે તેની વ્યવસ્થા ન હોય ત્યારે સુપ્રીમ કોર્ટ પોતે કેસના તથ્યોને આધારે જોડાયેલ પક્ષોને ન્યાય આપવા નિર્ણય કરી શકે છે.
- અનુચ્છેદ 142 અંતર્ગત સુપ્રીમ કોર્ટે પોતે આપેલ નિર્ણયનું હુકમનામું બહાર પાડી શકે છે અને તે સંપૂર્ણ ભારતમાં લાગુ થાય છે.
- માનવ અધિકારના ઉલ્લંઘનમાં કે પર્યાવરણના બચાવ સંદર્ભે સુપ્રીમ કોર્ટ અનુચ્છેદ 142 અંતર્ગતની સત્તાનો ઉપયોગ કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# હાઈડ્રોક્સીક્લોરોક્વિન અને નિકાસ

## ચર્ચાનો મુખ્ય મુદ્દો

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા હાઈડ્રોક્સીક્લોરોક્વિન (Hydroxyxhloroquine - HCQ)ની નિકાસ પર લગાવેલ પ્રતિબંધને હટાવી તેના નિકાસ માટે મંજૂરી આપવામાં આવી છે.
- વિદેશ મંત્રાલય દ્વારા આ નિર્ણય એ COVID-19 મહામારીના માનવીય પાસાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.




- ભારત તેના પર આધારિત પાડોશી દેશોને HCQની નિકાસ કરશે. ઉપરાંત આવશ્યક દવાને એ દેશોમાં પણ મોકલવામાં આવશે જ્યાં COVID-19 મહામારીનો વિશેષ પ્રભાવ રહ્યો છે.
- HCQ સાથે જ ભારત 'પેરાસિટામોલ' દવાની પણ નિકાસ કરશે.
- ભારત સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, HCQ તેમજ અન્ય દવાઓનો જથ્થો એ ભારત દેશ પાસે પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત દેશની આંતરિક માંગને પૂરી કર્યા બાદ જ નિકાસ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હાઈડ્રોક્સીક્લોરોક્વિન શું છે ?

- હાઈડ્રોક્સીક્લોરોક્વિન એ મલેરિયા વિરોધી દવા છે. તે ક્લોરોક્વિનનું એક સંયોજન છે, જેને ક્લોરોક્વિન કરતા ઓછું ઝેરી માનવામાં આવે છે.
- સંધિવા અને લ્યુપસ જેવા કેટલાક રોગોમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

## શું હાઈડ્રોક્સીક્લોરોક્વિન COVID-19 સામે લડવા ઉપયોગી છે ?

- વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા દ્વારા HCQને COVID-19ના ઉપચાર માટે પ્રમાણિત કરવામાં આવેલ નથી.
- ફ્રેન્ચના એક વૈજ્ઞાનિક અનુસાર COVID-19ના 20 દર્દીઓમાં HCQનો ઉપયોગ કરવાથી અન્ય દર્દીઓની સરખામણીમાં સારા પરિણામો પ્રાપ્ત થયા છે.
- સંશોધન અનુસાર HCQની સાથે એજિથ્રોમાઈસિન એન્ટિબાયોટિક દવાના ઉપયોગથી COVID-19ના ઉપચારમાં અસરકારક પરિણામો જોવા મળ્યા હતા.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# COVID-19ના નિવારણ અર્થે IITનું યોગદાન

## ચર્ચાનો મુખ્ય મુદ્દો

- ભારતમાં આવેલ અલગ–અલગ 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી - CIIT' દ્વારા COVID-19નો સામનો કરવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે.
- વિવિધ IIT દ્વારા વેન્ટિલેટર, પરીક્ષણ કીટ, સ્વાસ્થ્ય કર્મચારીઓ માટે વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો વગેરેનો વિકાસ કરવામાં આવ્યો છે.

### વિવિધ IITનું યોગદાન

| IIT | COVID-19 સામે યોગદાન |
|---|---|
| IIT-દિલ્હી | COVID-19ની જાણકારી માટે પરીક્ષણ કીટ તૈયાર કરી છે. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી, પુણે તેનું પરીક્ષણ કરે છે. |
| IIT-ગુવાહટી | ફેસ શીલ્ડ (Face Shield)ના પ્રોટોટાઈપનો વિકાસ કર્યો છે. તેનો ઉપયોગ મોંને ઢાંકવા માટે કરવામાં આવે છે. |
| IIT-કાનપુર | IIT-કાનપુરની કંપની 'નોકા રોબોટિક્સે' એક સસ્તા વેન્ટિલેટરનું નિર્માણ કર્યું છે. |
| IIT-હૈદરાબાદ | તેના દ્વારા એક ફોર્મુલાનો વિકાસ કરવામાં કરવામાં આવ્યો છે. જે મોટા પાયે સેનિટાયઝરનું ઉત્પાદન થઈ શકે છે.<br>'બેગ વાલ્વ માસ્ક'નો વિકાસ કર્યો છે જે આપાતકાલીન સ્થિતિમાં રોગીઓ માટે સહાયક બની શકે છે. |

### ખાનગી લેબોરેટરીમાં COVID-19 ટેસ્ટ મફત કરવામાં આવશે.

- 8 એપ્રિલ, 2020ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે COVID-19 સંબંધે ટેસ્ટ એ ખાનગી લેબોરેટરમાં મફત કરવામાં આવશે.
- અગાઉ ભારત સરકાર દ્વારા ICMR એ માન્ય કરેલ લેબોરેટરીમાં COVID-19 ટેસ્ટ કરાવવાની મંજૂરી આપી હતી. જેની કિંમત એ રૂ. 4500 નક્કી કરવામાં આવી હતી.

- હાલમાં ભારતમાં 118 સરકારી લેબોરેટરી છે. જેના દ્વારા 15000 ટેસ્ટ કરી શકાય છે. પરંતુ વધુ ટેસ્ટ કરવાની આવશ્યકતા હોવાથી વધારે લેબોરેટરીની આવશ્યકતા છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા ભલામણ કરવામાં આવી છે કે CSR (Corporate Social Responsibility) અંતર્ગત જે ભંડોળ છે તેને ખાનગી લેબોરેટરીને થતા ખર્ચ માટે આપવામાં આવે જેથી લોકો માટે ટેસ્ટ મફત થાય.

## 'iGOT' ઓનલાઈન ટ્રેનિંગ પોર્ટલ

- ભારત સરકાર દ્વારા તાજેતરમાં ઓનલાઈન ટ્રેનિંગ મોડયૂલ જે 'iGOT' તરીકે ઓળખાય છે તે લોન્ચ કરવામાં આવ્યું છે.
- તેને માનવ સંસાધન વિકાસ મંત્રાલયના DIKSHA પ્લેટફોર્મ પર શરૂ કરવામાં આવ્યું છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### iGOT પોર્ટલની મુખ્ય બાબતો

- પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ COVID-19ના રાહતકાર્યમાં કામ કરતા કર્મચારીઓની ક્ષમતા વધારવાનો છે.
- પોર્ટલ દ્વારા એ કર્મચારીઓને ટ્રેનિંગ આપવામાં આવશે.
- આ કર્મચારીઓમાં નર્સ, સ્વચ્છતા કર્મચારી, ડોક્ટર, મિડવાઈફ, ટેકનિશિયન વગેરેનો સમાવેશ થાય છે.
- ક્લિનિકલ મેનેજમેન્ટ, COVID-19ની મુખ્ય બાબતો, ICU સંભાળ અને સંચાલન, કોરેન્ટાઈન અને આઈસોલેશન વગેરે બાબતે ટ્રેનિંગ આપવામાં આવશે.

## સમાધાન ચેલેન્જ

- વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓમાં નવી શોધ કરવાની ક્ષમતાને ઓળખવા માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના ઈનોવેશન સેલ અને અખિલ ભારતીય ટેકિનકલ શિક્ષા પરિષદે ફોર્જ અને ઈનોવેશન ક્યુરીસની સાથે મળીને એક મેગા ઓનલાઈન ચેલેન્જ 'સમાધાન'ની શરૂઆત કરી છે.

## સમાધાન ચેલેન્જ વિશે :

- આ ચેલેન્જમાં ભાગ લેનારા વિદ્યાર્થી વિદ્યાર્થીઓ એવા ઉકેલોની શોધ કરશે કે જેના દ્વારા સરકારી એજન્સીઓ, સ્વાસ્થ્ય સેવાઓ, દવાખાનાઓ અને અન્ય સેવાઓને આ સમયે આવેલા પડકારોનું તાત્કાલિક સમાધાન ઉપલબ્ધ કરાવી શકાય.
- આ સિવાય આ 'સમાધાન' ચેલેન્જ દ્વારા નાગરિકોને જાગૃત બનાવવાનું, કોઈપણ પડકારનો સામનો કરવા માટે પ્રેરિત કરવાનું, કોઈપણ સંકટને રોકવા માટેનું અને લોકોને આજીવિકા આપવામાં સહાયતા કરવાનું કામ પણ કરવામાં આવશે.
- આ 'સમાધાન' ચેલેન્જ અંતર્ગત વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ અને ફેકલ્ટીના લોકો નવા પ્રયોગો અને નવા સંશોધન કરવા માટે પ્રેરિત થશે અને તેમને પ્રયોગ અથવા સંશોધનનું પરીક્ષણ કરવા તરફ દોરી જવા માટે એક મજબૂત મંચ પૂરું પાડવામાં આવશે.
- આ કાર્યક્રમની સફળતા એ બાબત પર નિર્ભર કરે છે કે તેમાં ભાગ લેનારા સ્પર્ધકોના વિચારો કેટલા પ્રભાવશાળી છે કે જે ટેક્નિકલ અને વ્યવસાયિક રૂપે એવા ઉકેલો શોધી કાઢે કે જે કોરોના વાયરસ જેવા રોગચાળા સામે લડવામાં મદદ કરે.
- ભારતે COVID-19ની સારવાર માટે વૈશ્વિક સ્તરે દવાઓ શોધવાના ઉદ્દેશથી વિશ્વ આરોગ્ય સંગઠનની એકતા ટ્રાયલમાં જોડાવાની ઘોષણા કરી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ધમણ-1




- તાજેતરમાં ગુજરાતના રાજકોટ ખાતે સ્થિત જ્યોતિ CNC કંપની દ્વારા ધમણ-1 નામનું સ્વદેશી વેન્ટિલેટર વિકસાવવામાં આવ્યું હતું.
- ધમણ-1 નામનું વેન્ટિલેટર ફક્ત 10 દિવસમાં વિકસાવવામાં આવ્યું છે.
- સામાન્ય રીતે વેન્ટિલેટરની બજાર કિંમત 6 લાખ કરતા વધુ હોય છે, પરંતુ સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલ આ વેન્ટિલેટરની કિંમત ફક્ત 1 લાખ છે.

- COVID-19ના દર્દીઓ માટે વેન્ટિલેટરની ભારતમાં ખૂબ અછત છે ત્યારે સ્વદેશી રીતે બનાવવામાં આવેલ આ વેન્ટિલેટરના માધ્યમથી આ અછત દૂર કરવામાં મદદ થશે.
- પ્રારંભિક ધોરણે ધમણ-1ના યુનિટ એ ગુજરાત સરકારને આપવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય

### SAARC COVID-19 ઈમરજન્સી ફંડ

- તાજેતરમાં ભારતના વડાપ્રધાનશ્રી એ સાર્ક દેશોના રાષ્ટ્રપતિઓ સાથેની એક વીડિયો કોન્ફરન્સ દરમિયાન પ્રદેશમાં COVID-19ના પડકારનો સામનો કરવા માટે 'SAARC COVID-19 ઈમરજન્સી ફંડ' બનાવવાનો પ્રસ્તાવ મુકયો હતો.
- આ કોન્ફરન્સ દરમિયાન ભારતના વડાપ્રધાનશ્રીએ COVID-19નો સામનો કરવા સાર્ક દેશોએ સાથે મળીને કામ કરવાની જરૂર પર ભાર મુક્યો હતો.
- ભારત તરફથી આ ભંડોળ માટે પ્રારંભિક સહયોગના રૂપમાં 10 મિલિયન યુ.એસ. ડોલર આપવાની જાહેરાત કરી હતી.

SAARC : South Asian Association for Regional Cooperation

**નોંધ :** (1) સાર્કની સ્થાપના 8 ડિસેમ્બર, 1985માં બાંગ્લાદેશની રાજધાની ઢાંકા ખાતે થઈ હતી.

(2) સાર્કનું મુખ્યમથક 17 જાન્યુઆરી, 1987ના રોજ નેપાળની રાજધાની કાઠમંડુમાં સ્થાપિત થયું હતું.

(3) આ સંગઠનના આઠ સભ્યોમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન, માલદીવ, શ્રીલંકા અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.

(4) એપ્રિલ, 2007માં અફઘાનિસ્તાનનો આઠમા સભ્ય તરીકે આ સંગઠનમાં સમાવેશ થયો હતો.

### G-20 બેઠક

- સાઉદી અરેબિયાના રિયાધમાં G-20 દેશના કેન્દ્રીય નાણાં પ્રધાનો અને સેન્ટ્રલ બેંક ગવર્નસની બેઠક મળી હતી.
- આ બેઠકમાં કોરોના વાયરસ રોગચાળાના જોખમો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ બેઠકમાં વૈશ્વિક અર્થતંત્ર અને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જે ઘરેલુ અર્થતંત્ર અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને સંકલન કરવામાં મદદ કરશે.

**નોંધ:** (1) વર્ષ 2020ની G-20 Summit વર્ચ્યુઅલ મિટીગં દ્વારા યોજાઈ.
(2) G-20 સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
(3) G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

## ઓપરેશન સંજીવની

- તાજેતરમાં ભારતીય વાયુસેના (Indian Air Force - IAF)એ 'ઓપરેશન સંજીવની' હેઠળ આવશ્યક દવાઓ અને હોસ્પિટલના ઉપયોગ સંબંધી 6.2 ટન સામગ્રી માલદીવામાં પહોંચાડવામાં આવી હતી.



- માલદીવ દ્વારા ભારતમાં આઠ સપ્લાયર્સ પાસેથી દવાઓ અને અન્ય ઉપયોગી વસ્તુઓ ખરીદવામાં આવી હતી. પરંતુ લોકડાઉનના કારણે તેને કોઈપણ માધ્યમથી માલદીવ લઈ જવું શક્ય ના બન્યું.
- માલદીવ સરકારની વિનંતી પર ભારતીય વાયુસેનાએ ઓપરેશન સંજીવની શરૂ કર્યું અને પરિવહન વિમાન C-130Jના માધ્યમથી માલદીવની ઉડાન પહેલા નવી દિલ્હી, મુંબઈ, ચેન્નઈ અને મદુરાઈના હવાઈ મથકોથી આ દવાઓ મેળવી હતી.
- આ દવાઓમાં મુખ્યત્વે LOPINAVIR અને RITONAVIR દવાઓ પહોંચાડવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રિટનના વડાપ્રધાન



- ➢ બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.
- ➢ આ સાથે જ શ્રી બોરિસ જોન્સન જેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય તેવા વિશ્વના પ્રથમ વડાપ્રધાન બની ગયા છે.
- ➢ તાજેતરમાં બ્રિટનના ટોચના નેતાઓ કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા હોવાથી બ્રિટનમાં હાહાકાર મચી ગયો છે.

## સોલિડેટરી ટ્રાયલ

- ➢ ભારતે COVID-19ની સારવાર માટે વૈશ્વિક સ્તરે દવાઓ શોધવાના ઉદ્દેશથી વિશ્વ આરોગ્ય સંગઠનની એકતા ટ્રાયલમાં જોડાવાની ઘોષણા કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સોલિડેટરી ટ્રાયલ વિશે :

- ➢ સોલિડેટરી ટ્રાયલ ચાર જુદી જુદી દવાઓ અથવા સંયોજનોની ચકાસણી કરશે, જેમાં રેમ્ડેસિવીર, લોપીનાવીર અને રીટોનાવીર એમ બે દવાઓનું સંયોજન, બે ઈન્ટરફેરોન બીટા અને ક્લોરોક્વિનનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ➢ સોલિડેટરી ટ્રાયલમાં આ દવાઓની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવશે. હાલમાં આ દવાઓનો ઉપયોગ COVID-19 દર્દીઓની સંભાળ માટે કરવામાં આવે છે.
- ➢ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ - ICMR હાલમાં COVID-19નો ઈલાજ શોધવાના ઉદ્દેશથી દવાઓની પરમાણુ રચનાનું વિશ્લેષણ કરી રહી છે.
- ➢ ICMRને ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલયાણ મંત્રાલય હેઠળ આરોગ્ય સંશોધન વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

## સાર્ક દેશો દ્વારા વેબસાઈટ લોન્ચ

- COVID-19 મહામારી સંબંધિત માહિતી માટે સાર્ક દેશો દ્વારા વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે.
- જે www.covid-19-sdmc.org નામની વેબસાઈટ લોન્ચ થઈ છે.
- સાર્ક દેશોમાં કોરોના વાયરસ સંબંધિત માહિતી મળી રહે તે માટે આ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે.

## યુરો કોરોના બોન્ડ

### ચર્ચાનો મુખ્ય મુદ્દો

- COVID-19 દ્વારા ઉદ્દભવેલ નાણાકીય કટોકટીને દૂર કરવા અને યુરોપિયન યુનિયનના દેશોને નાણાકીય સહાય આપવાના ઉદ્દેશથી યુરોઝોન એ 'યુરો કોરોના બોન્ડ' જાહેર કરવાનું વિચારી રહી છે.
- જો કે આ બોન્ડને જાહેર કરવામાં યુરોપિયન યુનિયનના દેશોને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કોરોના બોન્ડ શું છે ?

- કોરોના વાયરસથી લડતા યુરોપિયન યુનિયનના દેશોને નાણાકીય સહાય આપવા કોરોના બોન્ડ એક સામૂહિક દેવુ હશે.
- યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા આ નાણાકીય સહાયતા પારસ્પરિક રીતે યુરોપિયન યુનિયનના બધા જ દેશોને સામૂહિક દેવા (Collective Debt)ના આધારે આપવામાં આવશે.

### કોરોના બોન્ડનો ફાયદો

- COVID-19 સામે લડવા નાણાકીય ભંડોળ પૂરું પાડશે.
- દેશ પોતાના રાષ્ટ્રીય દેવામાં વધારો કર્યા વિના આર્થિક ભંડોળ મેળવી શકશે. આ વ્યવસ્થા યુરોપિયન યુનિયનના દેશોના પારસ્પરિક સંબંધોને મજબૂત કરવામાં ઉપયોગી બની રહેશે.

## યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક (EIB) વિશે :

- EIB એ યુરોપિયન યુનિયનના સભ્ય દેશોની માલિકીના લાંબાગાળાની ધિરાણ સંસ્થા છે.
- 90%થી વધારે પ્રવૃત્તિઓ એ યુરોપ અંતર્ગત જ કરવામાં આવે છે. પરંતુ તે વૈશ્વિક ધોરણે પણ રોકાણ કરે છે.
- તેની પ્રવૃત્તિઓ નવીનતા અને કૌશલ્ય, આંતરમાળખા માટે નાણાકીય ઉપલબ્ધતા, નાના ઉદ્યોગો અને આબોહવા અને પર્યાવરણ એવા 4 ક્ષેત્રો સાથે સંકળાયેલ છે.

## COVID-19 એન્ડ વર્લ્ડ ઓફ વર્ક

- 8 એપ્રિલ, 2020ના રોજ આંતરરાષ્ટ્રીય મંજૂર સંસ્થા (ILO) દ્વારા 'COVID-19 એન્ડ વર્લ્ડ ઓફ વર્ક' નામનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
- આ અહેવાલ અનુસાર COVID-19ના લીધે લગભગ ભારતના 400 મિલિયન લોકો (40 કરોડ લોકો) ગરીબીમાં ધકેલાઈ જશે.

## અહેવાલની અન્ય બાબતો

- ILO અનુસાર COVID-19ના લીધે 195 મિલિયન સ્થાયી નોકરીઓ સમાપ્ત થશે.
- વાયરસના કારણે કામના કલાકોમાં 6.7%નો ઘટાડો થયો છે.
- અહેવાલ મુજબ વિશ્વમાં 2 બિલિયન લોકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને તેમના પર આ બિમારીનું સૌથી વધુ જોખમ છે.
- એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં લગભગ 125 મિલિયન લોકો તેમની નોકરીઓ ગુમાવશે.
- અમેરિકા અને આફ્રિકામાં બેરોજગારીનો દર અનુક્રમે 43% અને 26% રહેશે.

## G20 નાણાકીય મંત્રીઓની મિટીંગ




- તાજેતરમાં 31 માર્ચ, 2020ના રોજ G20 નાણાકીય મંત્રીઓની બેઠક યોજવામાં આવી હતી. જેમાં ભારતનું પ્રતિનિધિત્વ નિર્મલા સીતારમન દ્વારા કરવામાં આવ્યું હતું.
- જો કે આ મિટીંગ એ 'વર્ચ્યુઅલ મિટીંગ'ના રૂપમાં યોજવામાં આવી હતી. જેની અધ્યક્ષતા સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વર્ચ્યુઅલ મિટીંગની મુખ્ય બાબતો

- વર્ચ્યુઅલ આધારે યોજાયેલ આ પહેલી મિટીંગમાં નાણાકીય મંત્રીઓએ વારંવાર આવી મિટીંગનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું.

## પૃષ્ઠભૂમિ

- તાજેતરમાં G20ના નેતાઓ પણ સાઉદી કિંગની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મિટીંગનું આયોજન કર્યું હતું.
- જેના અંતર્ગત સભ્યોએ વૈશ્વિક અર્થતંત્રમાં 5 ટ્રિલીયન ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.
- G20 મંત્રીઓ સ્તરની મિટીંગ પણ યોજવામાં આવી હતી. જેમાં કેબિનેટ મંત્રી પિયુષ ગોયેલ દ્વારા અધ્યક્ષતા કરવામાં આવી હતી. તે મિટીંગ અંતર્ગત ભારત દ્વારા સસ્તી દવાઓની ઉપલબ્ધતા પર ભારત દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો.

## COVID-19ની પર્યાવરણ પર અસર

### વાયુ ગુણવત્તામાં સુધારો

- તાજેતરમાં લાદેલા લોકડાઉનના આદેશ પછી દેશના 90થી વધુ શહેરોમાં વાયુની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો છે.
- કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સંસ્થા 'SAFAR'ના આંકડા મુજબ તાજેતરના દિવસોમાં દેશના ઘણા શહેરોમાં વાયુ પ્રદૂષણ ઓછી માત્રામાં જોવા મળ્યું હતું.
- SAFAR (સફર) : The System of Air Quality and Weather Forecasting and Research
- SAFAR એ ભારતમાં મહાનગરોના પ્રદૂષણ સ્તર અને હવાની ગુણવત્તા માપવા માટે શરૂ કરવામાં આવેલી એક રાષ્ટ્રીય પહેલ છે.
- SAFAR પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીમાં હવામાં હાજર પાર્ટિક્યુલેટ મેટર (Particulate Matter)ની માત્રામાં 30 ટકાનો ઘટાડો થયો છે.
- તેમજ અમદાવાદ અને પુણેમાં હવામાં હાજર પાર્ટિક્યુલેટ મેટરની માત્રામાં 15 ટકાનો ઘટાડો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પુણેમાં છેલ્લા કેટલાક દિવસોમાં હવામાં હાજર નાઈટ્રોજન ઓક્સાઈડની માત્રામાં 43% સુધીનો ઘટાડો નોંધાયો છે.
- તેમજ મુંબઈમાં 38% અને અમદાવાદમાં 50% નાઈટ્રોજન ઓક્સાઈડની માત્રામાં ઘટાડો થયો છે.

## કાવેરી નદી પ્રદૂષણ

- 'કર્ણાટક રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ'ના જણાવ્યા અનુસાર COVID-19 રોગચાળાના કારણે સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ 21 દિવસના લોકડાઉનના સમયગાળા દરમિયાન જૂના મૈસુર ક્ષેત્રમાં કાવેરી અને અન્ય નદીઓનું પ્રદૂષણ ઘટી ગયું છે.
- KSPCB (Karnataka State Pollution Control Board)ના જણાવ્યા અનુસાર કાવેરી અને તેની સહાયક નદીઓની પાણીની ગુણવત્તામાં એટલો સુધારો જોવા મળ્યો છે કે આ પ્રકારની પાણીની ગુણવત્તા ઘણા દાયકાઓ પહેલા જોવા મળતી હતી.

**નોંધ:** (1) કાવેરી નદીનું ઉદ્ગમ સ્થાન કર્ણાટકના કોગાહ જિલ્લાના પશ્ચિમ ઘાટની બ્રહ્મગિરિ પહાડીમાંથી થાય છે.

(2) કાવેરી નદીની કુલ લંબાઈ આશરે 800 કિલોમીટર છે. તથા તે કર્ણાટક અને તમિલનાડુ રાજ્યમાંથી વહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચોમાસા પૂર્વેના પાક પર અસર

- લોકડાઉનના કારણે કર્ણાટક સહિત અનેક રાજ્યોમાં ચોમાસુ પૂર્વેના પાકને અસર થવાની સંભાવના છે.
- ઉનાળા પૂર્વેનો પાક લણ્યા પછી છોડની દાંડી ખેતરમાં રહેવા દેવામાં આવે છે. જ્યારે ચોમાસા દરમિયાન ખેડૂતો ખેતર તૈયાર કરે છે ત્યારે આ છોડની દાંડી લીલા ખાતરમાં ફેરવાય છે. જે ચોમાસાના પાક માટે ફાયદાકારક છે.
- ચોમાસા પૂર્વેનો પાક શરૂઆતના વરસાદ પર આધારિત છે. પરંતુ જે ખેડૂતોની પાસે પોતાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ છે. તે વરસાદની રાહ જોતા નથી.
- કૃષિ ઉત્પાદનમાં યોગ્ય સમય પર વાવણી, ખેડ, કાપણી, લણણી અને કૃષિની અન્ય પ્રવૃત્તિનું ખૂબ મહત્ત્વ હોય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- જો વાવણીમાં વિલંબ થાય તો ઉપજ અને સમગ્ર ઉત્પાદકતામાં નુકસાન થાય છે. સામાન્ય રીતે ચોમાસા પૂર્વે પાકની વાવણી એપ્રિલ માસના પ્રથમ અઠવાડિયાથી શરૂ થઈ જાય છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર કેટલીક જગ્યાએ વાવણી પૂર્ણ થઈ ગઈ છે. પરંતુ ઘણી જગ્યાએ વાવણી શરૂ થઈ નથી.

## ☛ ભારતની અર્થવ્યવસ્થા પર COVID-19નો પ્રભાવ

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના

- ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને ભારતમાં રૂપિયા 1.70 લાખ કરોડની 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'ની જાહેરાત કરી છે.
- COVID-19 રોગચાળાના કારણે સમગ્ર ભારતમાં લાદવામાં આવેલા લોકડાઉનની સ્થિતિમાં ગરીબો તથા ભારતીય અર્થવ્યવસ્થાને મદદ મળી રહે તે માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાની વિશેષતા :**

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત લાભાર્થી ગરીબોને ત્રણ મહિના સુધી 5 કિલો વધારાનું અનાજ ફ્રી મળશે. જેમાં ઘઉં, ચોખા અને 1 કિલો દાળનો સમાવેશ થાય છે.
- ભારતમાં 80 કરોડ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.
- મહિલાઓના જનધન ખાતામાં આવતા ત્રણ મહિના સુધી દર મહિને રૂ. 500 નાખવામાં આવશે.
- મનરેગા યોજના અંતર્ગત આપવામાં આવતી રકમ પ્રતિદિન રૂ. 182થી વધારીને રૂ. 202 કરવામાં આવી છે.
- COVID-19 સામે લડતા સ્વાસ્થ્ય કર્મચારીઓને આવતા ત્રણ મહિના સુધી પ્રતિ વ્યક્તિ રૂ. 50 લાખનું વીમા કવચ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- ભારતમાં આશરે ત્રણ કરોડ જેટલા વૃદ્ધ, વિધવા બહેનો અને દિવ્યાંગોને વધારાના 1000 આપવામાં આવશે.
- ઉજ્જવલા યોજના લાભાર્થીઓને આવતા 3 મહિના સુધી ગેસ સિલિન્ડર ફ્રી આપવામાં આવશે.
- દીનદયાળ યોજના અંતર્ગત સ્વસહાય જૂથની મહિલાઓને રૂ. 20 લાખ સુધીની લોન મળશે.

## Employees Provident Fund (EPF)

- આવતા ત્રણ મહિના સુધી EPF ખાતામાં કર્મચારી તથા કંપનીનો હિસ્સો સરકાર ચૂકવશે.
- જેમાં કંપનીનો 12 ટકા અને કર્મચારીનો 12 ટકા એમ PFનો કુલ 24 ટકા હિસ્સો સરકાર ચૂકવશે.
- 100 કે તેથી ઓછા કર્મચારી ધરાવતી કંપનીના રૂ. 15000 કે તેથી ઓછું વેતન ધરાવતા કર્મચારીઓને આ યોજનાનો લાભ મળશે.
- કર્મચારીઓ હવે તેમના PF ખાતામાંથી કુલ જમા રકમના 75 ટકા સુધી રકમ ઉપાડી શકશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SBIની CECL યોજના

- COVID-19ની અસરથી પ્રભાવિત થયેલા ઉદ્યોગોને વધુ ભંડોળ પૂરું પાડવા માટે ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેન્ક SBI દ્વારા COVID-19 Emergency Credit Line યોજના લોન્ચ કરી છે.
- SBIની આ યોજના અંતર્ગત ઉદ્યોગો–વ્યાપારીઓને વધુમાં વધુ રૂ. 200 કરોડ સુધીની લોન મળશે.
- આ લોનનો વ્યાજ દર 7.25 ટકા રહેશે.
- ડિમાન્ડ લોનના રૂપમાં આપવામાં આવનાર આ લોનની મુદત 12 મહિનાની રહેશે.
- તથા ભારતમાં આ યોજના 30 જૂન, 2020 સુધી અમલમાં રહેશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## COVID-19 મહામારીમાં RBIની ભૂમિકા

- ભારતીય અર્થવ્યવસ્થાને COVID-19 (કોરોના વાયરસ)ના પ્રકોપથી બચવા માટે નાણા મંત્રાલય બાદ RBI એ પણ રેપોરેટમાં 0.75%નો ઘટાડો કરવાની જાહેરાત કરી છે.
- RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં મુંબઈ ખાતે મળેલી RBIની મોનેટરી પોલિસીની બેઠકમાં રેપોરેટમાં 0.75%નો ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી ભારતમાં રેપોરેટનો દર 5.15%થી ઘટીને 4.40% થઈ ગયો છે.
- આ ઉપરાંત CRR (Cash Reserve Ratio)માં પણ 1.0 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી CRR 4.00 ટકાથી ઘટીને 3.00 ટકા થઈ ગયો છે.
- રિવર્સ રેપો રેટમાં પણ 0.90 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આથી રિવર્સ રેપો રેટ 4.90 ટકાથી ઘટીને 4.00 ટકા થઈ ગયો છે.

### RBI બેન્ક વ્યાજદરમાં ફેરફાર

| ક્રમ | ઈન્ડીકેટર્સ | વ્યાજદર નવો (ટકામાં) | વ્યાજદર જૂનો (ટકામાં) |
|---|---|---|---|
| 1 | Repo Rate | 4.40 | 5.15 |
| 2 | Reverse Repo Rate | 4.00 | 4.90 |
| 3 | CRR | 3.0 | 4.0 |

- ભારતમાં રેપો રેટ 2004 પછીની સૌથી નીચી સપાટીએ આવ્યો છે.
- તથા છેલ્લા 7 વર્ષમાં પ્રથમ વખત CRRમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે.
- આ સિવાય RBI એ 1 માર્ચ, 2020થી EMI (Eqeuated Monthly Installment)ની ચુકવણી પર તમામ વ્યાપારી બેન્કોને ત્રણ મહિના માટે મોકુફ રાખવાની મંજૂરી આપી છે.
- નોંધનીય છે કે COVID-19 (કોરોના વાયરસ) રોગચાળાના કારણે ભારત સહિત વિશ્વની તમામ અર્થવ્યવસ્થાઓને નકારાત્મક અસર થઈ છે. જેથી આશંકા વ્યક્ત કરવામાં આવી રહે છે કે ટૂંક સમયમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા મંદિને આરે આવી જશે.
- જો કોરોના વાયરસનો ફેલાવો ઝડપથી થયો તો હાલના 21 દિવસના લોકડાઉનની અવધિમાં વધારો કરવાની જરૂર પડશે. જેથી માંગનું સ્તર ખૂબ નીચું જશે. જેનો સ્પષ્ટ પ્રભાવ દેશની આર્થિક વૃદ્ધિ પર જોવા મળશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આમ, RBI વિવિધ પગલા દ્વારા દેશમાં માંગના સ્તરને જાળવવાનો પ્રયાસ કરવા માગે છે. કારણ કે જો તેમ નહીં થાય તો આ સ્થિતિ ભારતીય અર્થવ્યવસ્થા માટે ખૂબ ગંભીર બની શકે છે.
- RBIની ગણતરી મુજબ રેપો રેટમાં ઘટાડા સહિતના તમામ પગલાઓ દ્વારા દેશની નાણાકીય વ્યવસ્થાને લગભગ 1.37 લાખ કરોડ પ્રાપ્ત થશે.

**નોંધ:** (1) RBI અન્ય બેન્કોને જે દરે લોન આપે છે તે દરને Repo Rate કહે છે.
(2) RBI અન્ય બેન્કો પાસેથી જે દરે લોન લે છે તે દરને Reverse Repo Rate કહે છે.
(3) CRRનું પૂરું નામ Cash Reserve Ratio છે. દરેક બેન્કે તેના કુલ રોકડ રકમનો ચોક્કસ ભાગ RBI પાસે રાખવો પડે છે. જેને CRR કહે છે.

## નાની બચત યોજનાઓ પરના વ્યાજના દરોમાં ઘટાડો

- ભારત સરકારે ઘણા નાના બચત યોજનાના વ્યાજ દર ઘટાડયા છે. COVID-19 વાયરસના ભયથી ઉદભવેલા આર્થિક પડકારોનો સામનો કરવા માટે વ્યાજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે.
- સુકન્યા સમૃદ્ધિ, કિસાન વિકાસ પત્ર અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ જેવી યોજનાઓના વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ફેરફારો સ્કેલ વર્ષ 2020-21ના Q1 માટે રજૂ કરવામાં આવ્યા હતા. તેઓ નીચે મુજબ છે.

### જાહેર ભવિષ્ય નિધિ

- જાહેર ભવિષ્ય નિધિ માટેનો વ્યાજ દર 7.9%થી ઘટાડીને 7.1% કર્યો છે. તે નાણાં મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય બચત સંસ્થા દ્વારા 1968માં રજૂ કરાયેલ કર બચત યોજના છે.

### નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટ

- નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટનો વ્યાજદર 7.9%થી ઘટાડી 6.8% કરવામાં આવ્યો છે. તે ટપાલ બચત પ્રણાલીનો એક ભાગ છે. આવકવેરા બચત અને નાની બચત માટે શરૂ કરવામાં આવેલી બચત બોન્ડ યોજના છે.

### કિસાન વિકાસ પત્ર

- કિસાન વિકાસ પત્ર માટેનો વ્યાજદર 7.6%થી ઘટાડી 6.9% થયો છે. KVP 113 મહિનાને બદલે 124 મહિનામાં પરિપક્વ થશે. તે એક બચત પ્રમાણપત્રની યોજના છે જે 1988માં ઈન્ડિયા પોસ્ટ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અન્ય યોજનાઓ

- વરિષ્ઠ નાગરિક બચત યોજનાનો વ્યાજદર 8.6%થી ઘટીને 7.4% કરવામાં આવ્યો છે.

### સેફ યોજના (SAFE SCHEME)

- તાજેતરમાં SIDBI દ્વારા નાના અને મધ્યમ ઉદ્યોગોને 1 કરોડની કાર્યશીલ મૂડી આપવા માટે સેફ યોજના શરૂ કરવામાં આવી છે.
- COVID-19 સામે કટોકટીના સમયમાં પ્રતિભાવ આપવા માટેની આ યોજના છે.
- યોજના અંતર્ગત નાના અને મધ્યમ ઉદ્યોગો જે સેનિટાઈઝર, મોજા, બોડી શૂટ, માસ્ક, વેન્ટિલેટર વગેરે જેવા ઉદ્યોગ સાથે સંકળાયેલ છે. તેમને 50 લાખની લોન આપવામાં આવશે.
- સેફ યોજના અંતર્ગત કાર્યશીલ મૂડી કોઈપણ જાતની જામીનગીરી વિના 48 કલાકમાં આપવામાં આવશે.

### COVID-19ની રમત-ગમત પર અસર

- તાજેતરમાં કોરોના વાયરસ (COVID-19) રોગચાળાના કારણે ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ, હોકી વગેરે જેવી રમતો મોકૂફ રાખવામાં આવી છે.
- વર્ષ 2020ની IPLને પણ મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ટોક્યો ઓલિમ્પિક - 2020

- ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ટોક્યો ઓલિમ્પિક – 2020ને એક વર્ષ માટે મોકૂફ રાખવામાં આવી છે.
- આ ઓલિમ્પિક જાપાનના ટોક્યો ખાતે 24 જુલાઈથી 9 ઓગસ્ટ 2020 દરમિયાન યોજાવાની હતી.
- આ અગાઉ કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશોએ ઓલિમ્પિકમાં ભાગ નહીં લેવાનો નિર્ણય કર્યો હતો. આથી આ ઓલિમ્પિકને મોકૂફ રાખવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ:** (1) ઓલિમ્પિક ગેમ્સ એ વિશ્વની સૌથી મોટી રમત–ગમત સ્પર્ધા છે.

(2) આ ઓલિમ્પિક બે ભાગમાં યોજાય છે.

(i) Summer Olympics

(ii) Winter Olympics

## COVID-19ને કારણે વિમ્બલ્ડન મુલતવી રાખવામાં આવ્યું

- તાજેતરમાં 29 જૂનથી 12 જુલાઈએ યોજાનારી વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ, COVID-19ના ચાલુ કટોકટીના પગલે બીજા વિશ્વ યુદ્ધ પછી પ્રથમ વખત રદ કરવામાં આવી છે.
- થોડા દિવસો પહેલા, ટોક્યો ઓલિમ્પિક્સ 2020ને પણ મુલતવી રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.

## ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટસ

- ચાર સૌથી મહત્ત્વપૂર્ણ વાર્ષિક ટેનિસ ઈવેન્ટ્સ છે અને દરેક ટુર્નામેન્ટ લગભગ બે અઠવાડિયા સુધી રમાય છે.
- વિમ્બલ્ડન (1877) સૌથી જૂની ટુર્નામેન્ટ છે, ત્યારબાદ યુએસ (1881), ફ્રેન્ચ (1891) અને ઓસ્ટ્રેલિયન (1905)નો ક્રમ આવે છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ગ્રાન્ડ સ્લેમ | ક્યારે રમાય છે ? | ક્યાં કોર્ટમાં રમાય છે ? |
|---|---|---|
| ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરીના મધ્યમાં | હાર્ડ કોર્ટ |
| ફ્રેન્ચ ઓપન | મે અને જૂન | માટીનું કોર્ટ |
| વિમ્બલ્ડન | જૂન અને જુલાઈ | ગ્રાસ કોર્ટ |
| યુએસ ઓપન | ઓગસ્ટ અને સપ્ટેમ્બર | હાર્ડ કોર્ટ |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT